

P.07

મલાઈકાએ નવા બોયફ્રેન્ડ સાથે ઈટલીમાં વેલેન્ટાઈન વીક મનાવ્યું

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

P.07

કરીના કપૂરની દાયરા ફિલ્મમાં એક પણ ગીત નહિ હોય



તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૪ અંક : ૨૧૫ | વિક્રમ સંવત ૨૦૮૨ : ફાગણ વદ ૦૧ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 215 • Dt.04-03-2026 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ૫૫૦થી વધુનાં મોત : નવ દેશોના ૨૭ મથકો પર ઈરાનના હુમલા



07

04
MARCH- 2026
WEDNESDAY



07

'જહાજોમાં આગ લગાવી દઈશું'। ઈરાનની ખુલ્લી ધમકીથી ભારત સહિત અનેક દેશોની ચિંતા વધી

### રાજ્યમાં શિક્ષણની સ્થિતિ કથળી રહી હોવાની કડવી વાસ્તવિકતા સામે આવી । શિક્ષણ વિભાગની કબૂલાત

# છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ૭૫ સરકારી શાળાઓને તાળાં મારી દેવાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

એક તરફ ગુજરાત સરકાર શિક્ષણ ક્ષેત્રે હરણફાળ અને સૌથી વધુ બજેટ ફાળવણીની મોટી વાતો કરી રહી છે, ત્યારે બીજી તરફ રાજ્યમાં શિક્ષણની સ્થિતિ કથળી રહી હોવાની કડવી વાસ્તવિકતા સામે આવી છે. સરકારી શાળાઓની દુર્દશા અને ખાનગી શાળાઓને અપાતા પ્રોત્સાહન વચ્ચે ખુદ શિક્ષણ વિભાગે સ્વીકાર્યું છે કે, છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાં ૭૫ સરકારી શાળાઓને કાયમી ધોરણે ખંભાતી તાળાં વાગી ગયા છે. શાળાઓ બંધ થવા ઉપરાંત, માળખાગત સુવિધાઓનો પણ ભારે અભાવ જોવા મળી રહ્યો છે. વર્ગખંડોની અછતને પરિણામે રાજ્યની ૨,૬૭૪ સરકારી શાળાઓ આજે પણ 'પાળી પદ્ધતિ'થી ચાલી રહી છે. આ આંકડાઓ સાબિત કરે છે કે વિકાસના મોટા દાવાઓ વચ્ચે છેવાડાના બાળકોનું શિક્ષણ અને સરકારી શાળાઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે.

ગુજરાતમાં એક તરફ સરકારી શાળાઓના પાટિયા પડી રહ્યા છે, તો બીજી તરફ ખાનગી શાળાઓનો રાફડો ફાટ્યો છે. રાજ્યમાં જાણે સરકારે જ ખાનગી શાળાઓને મસમોટી ફી ઉઘરાવીને લૂંટ ચલાવવાનો છુપો પરવાનો આપ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ખુદ શિક્ષણ વિભાગે વિધાનસભામાં સ્વીકાર્યું છે કે, છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં ૭૫ જેટલી સરકારી શાળાઓ કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવી છે.

નવાઈની વાત એ છે કે, સરકાર દર વર્ષે શિક્ષણ પાછળ બજેટમાં કરોડો રૂપિયાની ફાળવણી કરે છે, તેમ છતાં સરકારી શાળાઓની દશા દયનીય બની રહી છે. એક તરફ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે શિક્ષણના દ્વાર બંધ થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ ખાનગી શિક્ષણ સંસ્થાઓ સંખ્યા વધી રહી છે.

## શાળાઓ બંધ થવા ઉપરાંત, માળખાગત સુવિધાઓનો પણ ભારે અભાવ જોવા મળી




આ આંકડાઓ શિક્ષણ મોડેલ પર ગંભીર સવાલો ઉભા કરે છે.શિક્ષણ વિભાગના એકરાર મુજબ, ગુજરાતમાં હજુ પણ અનેક શાળાઓ પાસે પોતાના મકાનો કે પૂરતા વર્ગખંડો નથી. માળખાગત સુવિધાઓના આ અભાવને કારણે રાજ્યની ૨,૬૭૪ શાળાઓમાં આજે પણ 'પાળી પદ્ધતિ'અમલી છે. પરિસ્થિતિ એવી છે કે, એક પાળીના વિદ્યાર્થીઓ છૂટે ત્યારે જ બીજી પાળીના બાળકોને અભ્યાસ કરવાની તક મળે છે.રાજ્યમાં હજુ પણ હજારો વર્ગખંડોની ઘટ હોવાને કારણે વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નવા વર્ગખંડો અને શાળાના મકાનોના નિર્માણમાં હજુ ઘણો સમય લાગે તેમ હોવાથી, વિદ્યાર્થીઓએ લાંબા સમય સુધી આ જ દયનીય સ્થિતિમાં અભ્યાસ કરવા મજબૂર બનવું પડશે તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.



ભાવનગર ગ્રામ્ય ડિવિઝનમાં વીજ ચેકિંગ ડ્રાઈવ

# પીજીવીસીએલના ૫૭ કનેક્શનોમાં રૂ.૧૭ લાખની વીજચોરી પકડાઈ

### વીજતંત્રની જુદી-જુદી ટીમો દ્વારા આજે વહેલી સવારથી ચારેય સબ ડિવિઝનમાં મળીને ૨૪૫ રહેણાંકી અને ૦૩ વાણિજ્ય મળી કુલ ૨૪૮ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૩ ।

ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના ૫૭ કનેક્શનોમાં પીજીવીસીએલની ૨૬ ટીમો દ્વારા વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રૂ.૧૭ લાખની વીજચોરી પકડાઈ હતી. પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના સણોસરા, સિહોર ગ્રામ્ય, વરતેજ અને વલ્લભીપુર સબ ડિવિઝનમાં વીજતંત્રની ૨૬ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. વીજતંત્રની જુદી-જુદી ટીમો દ્વારા આજે વહેલી સવારથી ચારેય સબ ડિવિઝનમાં મળીને ૨૪૫ રહેણાંકી અને ૦૩ વાણિજ્ય મળી કુલ ૨૪૮ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૫૬ રહેણાંકી અને ૧ વાણિજ્ય મળી કુલ ૫૭ કનેક્શનોમાં કુલ રૂ.૧૭.૯૦ લાખની વીજ ચોરી પકડાતા પીજીવીસીએલ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના ૫૭ કનેક્શનોમાં પીજીવીસીએલની ૨૬ ટીમો દ્વારા વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રૂ.૧૭ લાખની વીજચોરી પકડાઈ હતી.પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના સણોસરા, સિહોર ગ્રામ્ય, વરતેજ અને વલ્લભીપુર સબ ડિવિઝનમાં વીજતંત્રની ૨૬ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. વીજતંત્રની જુદી-જુદી ટીમો દ્વારા આજે વહેલી સવારથી ચારેય સબ ડિવિઝનમાં મળીને ૨૪૫ રહેણાંકી અને ૦૩ વાણિજ્ય મળી કુલ ૨૪૮ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૫૬ રહેણાંકી અને ૧ વાણિજ્ય મળી કુલ ૫૭ કનેક્શનોમાં કુલ રૂ.૧૭.૯૦ લાખની વીજ ચોરી પકડાતા પીજીવીસીએલ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના ૫૭ કનેક્શનોમાં પીજીવીસીએલની ૨૬ ટીમો દ્વારા વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### ગુનાહિત ઇતિહાસ ધરાવતા તત્વો વિરૂદ્ધ તપાસ કરવામાં આવી

### ડ્રગ્સની હેરફેરમાં અગાઉ સંકળાયેલા પેડલરના ઘરે તપાસ કરવાની સાથે ૪૨થી વધુ માથાભારે ગુનાહિત વ્યક્તિઓની ચકાણસણી કરવામાં આવી

# સરખેજ, રામોલ અને અમરાઇવાડીમાં કોમ્બીંગ નાઇટમાં ૧૦૦થી વધુ કેસ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ ક્રાઈમબ્રાંચ અને સ્થાનિક પોલીસે સરખેજ, રામોલ અને અમરાઈવાડી સહિતના વિસ્તારમાં શનિવારે કોમ્બીંગ નાઈટ દરમિયાન ૧૦૦થી વધુ ગુના નોંધીને કાર્યવાહી કરી છે. આ ઉપરાંત, ગુનાહિત ઈતિહાસ ધરાવતા તત્વો વિરૂદ્ધ તપાસ કરવામાં આવી હતી. અમદાવાદના રામોલ, અમરાઈવાડી અને સરખેજ વિસ્તારમાં ક્રાઈમબ્રાંચ



અને સ્થાનિક પોલીસ સ્ટેશનના સ્ટાફ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સરપ્રાઈઝ કોમ્બીંગ નાઈટમાં મોટાપ્રમાણમાં કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં પોલીસે ૧૦૦ જેટલી કાર અને ટુ વ્હીલરમાં ચેકિંગ કરીને એમવી એક્ટ હેઠળ ૫૮ કેસ નોંધાયા હતા. જ્યારે દારૂ પીધેલી હાલતમાં ૧૦ શખ્સો અને દારૂના જથ્થા સાથે ૪ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.ડ્રગ્સની હેરફેરમાં અગાઉ સંકળાયેલા પેડલરના ઘરે તપાસ કરવાની સાથે ૪૨થી વધુ માથાભારે ગુનાહિત વ્યક્તિઓની ચકાણસણી કરવામાં આવી હતી. અલગ અલગ વિસ્તારોમાં પણ સરપ્રાઈઝ કોમ્બીંગ કરવામાં આવશે.

### રાજ્યમાં કુલ ૫૨૪ ડેમોની તપાસ કરવામાં આવી

# ગુજરાત રાજ્યના ૧૦ જેટલી ડેમમાં ગંભીર ખામી જીએસડીએસઓના રિપોર્ટે સરકારની ચિંતા વધારી

### ડોન ડેમ, ભરપર ડેમ, ખંભાલા ડેમ, વેણગાડી ડેમ, ફોડાર્નેસ ડેમ, મંજલ-રેલડિયા ડેમ, માલણ ડેમમાં ખામી હોવાનું ધ્યાને આવ્યુ હતું । ડેમોમાં રિટેનિંગ ધોવાઈ ગઈ હતી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

ડેમોની સલામતીનો મુદ્દો લોકસભામાં ઊઠ્યો હતો ત્યારે કેન્દ્રની સૂચનાને પગલે ગુજરાતમાં ડેમોની સલામતીને લઈને ચકાસણી કરવામાં આવી હતી. જેમાં દસેક ડેમોમાં ગંભીર ખામી જોવા મળી હતી જેના પગલે સરકારની ચિંતામાં વધારો થયો છે.વિધાનસભા ગૃહમાં ગુજરાત રાજ્ય બંધ સલામતી સંગઠનનો એક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં એવા તારણો રજૂ કરાયા કે, રાજ્યમાં કુલ ૫૨૪ ડેમોની તપાસ



કરવામાં આવી હતી. જેમાં દસેક ડેમોમાં ગંભીર ખામી જોવા મળી જેમકે, મોરબીના મચ્છુ-૨ની સલામતી સુનિશ્ચિત કરવા ડેમના દરવાજા બદલવા માટે ભલામણ કરવામાં આવી હતી. મોરબી જિલ્લાના ડેમી-૩માં ખામી જોવા મળી હતી. આ ડેમમાં થાંભલાનું નિરિક્ષણ કરતાં ચિંતાજનક સ્થિતિ દેખાઈ હતી. કોંક્રિટમાં ખાલી જગ્યા જોવા મળી હતી.

ડોન ડેમ, ભરપર ડેમ, ખંભાલા ડેમ, વેણગાડી ડેમ, ફોડાર્નેસ ડેમ, મંજલ-રેલડિયા ડેમ, માલણ ડેમમાં ખામી હોવાનું ધ્યાને આવ્યુ હતું. આ ડેમોમાં રિટેનિંગ ધોવાઈ ગઈ હતી. ભૂસ્ખલનથી ડેમની દિવાલને નુકશાન પહોંચ્યુ હતું. ડેમમાં લિકેજ જોવા મળ્યુ હતું. સ્પિલવે બોડી વોલમાં તિરાડો જોવા મળી હતી. ડેમના ઓટોમેટિક ગેટને કાટ લાગ્યો

### દાવા માત્ર કાગળ પર જ હોય તેવી પરિસ્થિતિ

### વર્ગ-૪ સહિતના કુલ ૩૧૦ પોલીસ કોન્સ્ટેબલ ઉચ્ચ અધિકારી તથા કર્મચારીઓને લાંચ લેતા રંગેહાથ પકડી પાડયા

# ભ્રષ્ટાચાર વકર્યો: ૨૧૩ લાંચ કેસમાં ૩૧૦ સરકારી બાબુ અને ૧૨૩ વચેટિયા પકડાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

ગુજરાતના દાવા માત્ર કાગળ પર જ હોય તેવી પરિસ્થિતિ છે. ૨૦૨૫માં ૩૧૦ લાંચિયા બાબુઓએ સવા કરોડની લાંચ લીધી હતી. લાંચ લેવા માટે સરકારી કર્મચારીના બદલે વચેટીયાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે આતો પકડાયા પકડાયેલા કર્મચારી અધિકારી સામે ગુના દાખલ થયા પકડાયેલા નહી હોય તેવા કેટલા લોકો હશે. સામાન્ય નાગરિકોના પૈસા ફેંકો, તમાશા દેખો જેવો તાલ છે. લાંચના આંકડા જાણે બોલે છે કે કોઈપણ સરકારી કચેરીમાં પૈસા આપ્યા વગર કામ થતા નથી. એન્ટીકરપ્શન બ્યુરોએ જાહેર કરેલા લાંચની રકમ મુજબ ગૃહવિભાગ, આરોગ્ય, પંચાયત તથા મહેસૂલ સહિતના વિભાગો સહિત એકેય વિભાગ એવો નથી કે જ્યાં લાંચ લેવાતી ન હોય.ગુજરાતમાં ભ્રષ્ટાચાર એટલી ફાલ્યો ફૂલ્યો છે કે પૈસા આપ્યા વગર કામો થતા જ નથી એસીબીએ કુલ ૨૧૩ કેસ કરીને કેન્દ્રના ૨૩ તથા ગુજરાતમાં ઉચ્ચ અધિકારીઓ તથા વર્ગ-૪ સહિતના કુલ ૩૧૦ પોલીસ કોન્સ્ટેબલ ઉચ્ચ અધિકારી તથા કર્મચારીઓને લાંચ લેતા રંગેહાથ પકડી પાડયા હતા. જ્યારે પંચાયત વિભાગના ૫૦ કર્મચારી અને મહેસૂલના ૫૦ તથા આરોગ્યના ૦૬ તેમજ શિક્ષણ વિભાગના ૧૫ કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઉર્જા વિભાગના ૧૦ ઉદ્યોગના ૧૦ કૃષિના ૦૯ શહેરી વિકાસના ૧૩ તથા નર્મદાના ૧૩ અને કેન્દ્રના ૨૩ સહિત કુલ ૩૧૦ કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ પકડાયા છે.લોકફરિયાદના આધારે કુલ ૧૭૪ ટ્રેપ ગોઠવી સફળ કાર્યવાહી કરી હતી. ફરિયાદોના આધારે ઊંડાણભરી તપાસ કર્યા બાદ સરકારી બાબુઓ સામે અપ્રમાણસર મિલકત હોવા અંગેના કુલ ૧૬ ગુના નોંધીને કાર્યવાહી કરવામાં આવી છે.

### સારવાર દરમિયાન મોત નિપજ્યું

# ઘોઘામાં બાઈક અને કાર અથડાતા યુવાનનું મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૩ ।

ઘોઘા આવેલ કામનાથ મહાદેવજીના મંદિર સામેના રોડ પર કાર અને બાઈક અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું.ઘોઘા ખાતે રહેતા શાંતિલાલ બાલાભાઈ ગોહિલના પુત્ર હિતેશભાઈ શાંતિલાલ ગોહિલ પોતાનું મોટરસાયકલ નંબર જીજે-૦૪-ઈએન-૪૦૪૮ લઈને ભાવનગર થી ઘોઘા પોતાના ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન ઘોઘામાં આવેલા કામનાથ મંદિર પાસે ના રોડ પર સામેથી આવી રહેલા કાર નંબર જીજે-૦૩-ઈઆર-૨૧૫૨ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી દેતા હિતેશભાઈને ગંભીર ઈજાવો છતાં સારવાર માટે ઘોઘાની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.


Cyber Octet™

CYBER OCTET PRIVATE LIMITED

ISO 9001 Certified Cyber Security Company

Ethical Hacking & Cyber Security Training

Advanced Diploma in Ethical Hacking & Cyber Security

Learn From The Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert



Mr. Falgun Rathod

Register Now

+91 74053 21234 | www.cyberoctet.com

## મોતીપુરા તાબે ભલાડાથી વિદેશી દારૂ સાથે એક બુટલેગર ઝડપાયો

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૩ |

મોતીપુરા તાબે ભલાડા ગામેથી ડાંગરના પૂળામાં સંતાડેલા વિદેશી દારૂ સાથે લીંબાસી પોલીસે રવિવારે રાત્રે એક બુટલેગરને ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.લીંબાસી પોલીસ રવિવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ભલાડા ગામના મોતીપુરામાં રહેતો અજિત ઉર્ફે દુધી રમેશભાઈ પરમાર પોતાના ઘર આગળ ડાંગરના પૂળામાં વિદેશી દારૂ સંતાડી વેચાણ કરે છે.જેથી પોલીસે રેડ પાડતા ઘર આગળથી મળી આવેલા શખ્સની પૂછપરછ કરતા શખ્સે અજીત ઉર્ફે દુધી રમેશભાઈ પરમાર હોવાનું જણાવ્યું હતું.

## પાટડી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં આખરે ૫ ડોક્ટરની નિમણૂક

| પ્રતિનિધિ, પાટડી, તા.૩ |

દસાડા તાલુકાના મુખ્ય મથક પાટડીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લાંબા સમયથી ચાલી આવતી ડોક્ટરોની અછતનો આખરે અંત આવ્યો છે. હોસ્પિટલમાં સ્ટાફની ઘટને કારણે રણકાંઠાના જરૂરિયાતમંદ દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી, જે અંગે અવારનવાર વિરોધ પ્રદર્શનો પણ થયા હતા.આ રજૂઆતોને ધ્યાને લઈ સરકાર દ્વારા ૧૧ મહિનાના બોન્ડના આધારે ગાયનેકોલોજિસ્ટ, પિડીયાટ્રીશિયન, ઈએનટી અને પેથોલોજીસ્ટ જેવા મહત્વના વિભાગોમાં નિષ્ણાત ડોક્ટરોની નિમણૂક કરવામાં આવી છે. ખાસ કરીને ગાયનેક ડોક્ટર ન હોવાથી પ્રસૂતિ માટે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ખાનગી હોસ્પિટલમાં રૂ.૧૫થી ૩૦ હજારનો તોતિંગ ખર્ચ કરવો પડતો હતો. હવે સરકારી હોસ્પિટલમાં જ નિષ્ણાત સારવાર ઉપલબ્ધ થતા સ્થાનિક લોકોને ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચમાંથી મુક્તિ મળશે. હોસ્પિટલમાં સ્ટાફની ઘટને કારણે રણકાંઠાના જરૂરિયાતમંદ દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી.

### અમદાવાદમાં પાલડી-આંબાવાડી વિસ્તારમાં ત્રિકમલાલની ચાલી પર બિલ્ડરોનો ડોળો મંડાયો

# જિજ્ઞેશ મેવાણીએ અમદાવાદમાં પોલીસ સ્ટેશન ગજવ્યું | દારૂના અડ્ડાની યાદી આપીને કાર્યવાહીની માંગ કરી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ |

અમદાવાદમાં પાલડી-આંબાવાડી વિસ્તારમાં ત્રિકમલાલની ચાલી પર બિલ્ડરોનો ડોળો મંડાયો છે. જેના કારણે ભાડૂતી ગુંડાઓ મકાનો ખાલી કરવા શ્રમિકોને ધમકી આપી રહ્યાં છે. જે મુદ્દે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પાલડી પોલીસ સ્ટેશન માથે લીધું હતું. શ્રમિક મહિલાઓની પોલીસે ફરિયાદ કેમ ન નોંધી તે મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ફરિયાદ નહીં નોંધવામાં આવે તો પોલીસ કમિશ્નરના ઘર બહાર ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી હતી.ધારાસભ્ય અમિત શાહના મત વિસ્તાર એલિસબ્રિજ-પાલડીમાં જીજ્ઞેશ મેવાણી શ્રમિકોના વ્હારે આવ્યા હતા. શ્રમિકોની રજૂઆત છે કે, ત્રિકમલાલની ચાલીના મકાનો ખાલી કરાવવા માટે બિલ્ડરોના ભાડૂતી ગુંડાઓ મેદાને પડ્યા છે. શ્રમિકો મકાનો ખાલી કરવા રાજી નથી ત્યારે ગુંડાઓએ મહિલાઓને અશ્લીલ ગાળો ભાંડી હતી. છેલ્લા ૨૦ દિવસથી શ્રમિકોને ધમકી આપી માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. શ્રમિકોએ પાલડી પોલીસ સ્ટેશને ફરિયાદ આપી તો મહિલા પીઆઈએ ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરી દીધો હતો.આ મામલે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી શ્રમિક મહિલાઓ સાથે પાલડી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં તેમણે એવો સવાલ ઉઠાવ્યો કે, જે વૃદ્ધ ચાલી શકતા નથી તેમની સામે ફરિયાદ કેમ નોંધાઈ. તેમણે એ મુદ્દો પણ ઉઠાવ્યો કે, પાલડી-એલિસબ્રિજમાં કોચરબ ગામથી માંડીને માદલપુર સહિત અન્ય વિસ્તારમાં ૨૦થી વધુ દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. તો બુટલેગરો સામે કોઈ પગલાં લેવાતાં નથી. પોલીસની રહેમનજર હેઠળ ચાલતા અડ્ડા કેમ બંધ કરાવતા નથી. બિલ્ડરોના ભાડૂતી ગુંડાઓ વિરુદ્ધ કેમ પોલીસ ફરિયાદ નોંધતા નથી. બુટલેગરોના નામ સાથે દારૂના



અડ્ડાનું લિસ્ટ આપ્યું હતું. મેવાણીએ એવી ચીમકી ઉચ્ચારી કે, જો દેશી દારૂના અડ્ડા બંધ નહીં થાય તો પાલડી પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરવામાં આવશે. અમદાવાદમાં પાલડી-આંબાવાડી વિસ્તારમાં ત્રિકમલાલની ચાલી પર બિલ્ડરોનો ડોળો મંડાયો છે. જેના કારણે ભાડૂતી ગુંડાઓ મકાનો ખાલી કરવા શ્રમિકોને ધમકી આપી રહ્યાં છે. જે મુદ્દે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પાલડી પોલીસ સ્ટેશન માથે લીધું હતું. શ્રમિક મહિલાઓની પોલીસે ફરિયાદ કેમ ન નોંધી તે મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ફરિયાદ નહીં નોંધવામાં આવે તો પોલીસ કમિશ્નરના ઘર બહાર ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી હતી.ધારાસભ્ય અમિત શાહના મત વિસ્તાર એલિસબ્રિજ-પાલડીમાં જીજ્ઞેશ મેવાણી શ્રમિકોના વ્હારે આવ્યા હતા.

## અમદાવાદ : પુત્રી ઉપર કલર નાંખ્યો, ઠપકો આપતાં સગીરે ધક્કો મારતા પિતાનું મોત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ |

ઓઢવમાં પુત્રી ઉપર સગીરે કલર નાંખ્યો હતો દાદીએ ના કહી છતાં માનતો ન હતો જેથી પિતાએ તેને ઠપકો આપીને અમે ક્રિશ્ચિયન છીએ હોળી રમતા નથી કહેતા સગીરે ઉશ્કેરાઈને યુવકને ધક્કો મારતા તે નીચે પડી ગયા હતા અને માથામાં ઈંટ વાગતા બેભાન થઇ ગયા હતા. જેથી સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે ઓઢવ પોલીસે સાઅપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ઓઢવમાં રહેતા ૬૨ વર્ષના વૃદ્ધાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઓઢવ ખાતે રહેતા સગીર સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે બપોરના સમયે વૃદ્ધા તેમની પૌત્રી સાથે ઓઢવ અર્બુદાનગર પાસે આવેલા મંદિરે હાજર હતા. તે સમયે ૧૭ વર્ષના સગીરે વૃદ્ધા અને તેમની પૌત્રીના માથા પર હોળીનો કલર નાખ્યો હતો. જેથી વૃદ્ધાએ સગીરને કલર નાખવાની ના પાડી હતી તેમ છતાં તે માનતો ન હતો. જેથી વૃદ્ધાએ ઘરે જઇને તેમના પુત્રને બોલાવ્યો હતો. યુવકે આવીને અમે ક્રિશ્ચિયન છીએ હોળી રમતા નથી કહેતા સગીરે ઉશ્કેરાઈ ગયો હતો અને યુવકને ધક્કો મારતા નીચે પડી જતા માથાના ભાગે ઈંટ વાગી હતી જેથી બેભાન થઇ જતાં આસપાસના લોકોએ આવી ગયા હતા અને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

## લીંબડી નજીક મહિલાએ ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કર્યો

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૩ |

ખારવા ગામની મહિલાએ લીંબડી-વઢવાણ વચ્ચે આવેલા રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મુકી મોતને વહાલું કર્યુ હતું. મહિલાએ માનસિક બીમારીથી કંટાળી ખારવા ગામની ટ્રેન નીચે પડતું મુક્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.વઢવાણ તાલુકાના ખારવા ગામે રહેતી મહિલા સુનિતાબેન અર્જુનભાઈ નગવાડીયા (ઉ.વ.૩૨) છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા અને કંટાળી ગયા હતા. આથી લીંબડીથી આઠ કિલોમીટર દૂર વઢવાણ રોડ પર રેલવે ફાટક પાસેથી પસાર થતી સુરત-મહુવા ટ્રેનના સમય દરમિયાન રેલવે ટ્રેક પર પડતું મૂકતા મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે રેલવે પોલીસ અને સ્થાનિક તંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતું.જે અંગેની જાણ થતા મૃતક મહિલાના પરિવારજનો સહિત રેલવે પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોચ્યો હતો અને મહિલાના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે મહિલાના મોતથી પરિવારજનો સહિત સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.ખારવા ગામની મહિલાએ લીંબડી-વઢવાણ વચ્ચે આવેલા રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મુકી મોતને વહાલું કર્યુ હતું. મહિલાએ માનસિક બીમારીથી કંટાળી ખારવા ગામની ટ્રેન નીચે પડતું મુક્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

## કરમસદ-આણંદ મનપાએ ૧૮૧ એકમો પાસેથી રૂ. ૧.૮૩ લાખનો દંડ વસૂલ્યો

| પ્રતિનિધિ, આણંદ, તા.૩ |

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૧૮૧ એકમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મનપાએ કુલ રૂપિયા ૧.૮૩ લાખ ઉપરાંતનો દંડ વસૂલ્યો હતો.કરમસદ-આણંદ મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન વિવિધ એકમો ખાતે આકસ્મિક તપાસણી કરતા જાહેરમાં ગંદકી કરતા ૧૫૭ એકમો સામે દંડનીય કાર્યવાહી કરીને રૂપિયા ૭૫,૮૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૨૪ એકમો સામે દંડનીય કાર્યવાહી કરી રૂપિયા ૧,૦૭,૫૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, આમ, ફેબ્રુઆરી માસ દરમિયાન આકસ્મિક તપાસણી દરમિયાન ૧૮૧ એકમો સામે મહાનગરપાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી કરીને કુલ રૂપિયા ૧,૮૩,૩૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા વિવિધ એકમોને ખાસ તાકીદ કરવામાં આવી છે કે, મનપા વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવામાં યોગદાન આપે. જાહેરમાં ગંદકી ન કરે અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે.કરમસદ-આણંદ મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૧૮૧ એકમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મનપાએ કુલ રૂપિયા ૧.૮૩ લાખ ઉપરાંતનો દંડ વસૂલ્યો હતો.

### હિન્દુ સંગઠનોએ ત્યાં પહોંચીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું

# અમદાવાદમાં 'લવ જેહાદ'ના આક્ષેપ સાથે હિન્દુ સંગઠનોનો હોબાળો | શહેર જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસમાં સર્જાયો 'ડ્રામા'

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ |

અમદાવાદ શહેરના ઘીકાંટા વિસ્તારમાં આવેલી જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસ ૩ માર્ચે રીતસરની છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. મુસ્લિમ યુવક અને હિન્દુ યુવતી પ્રેમલગ્ન કરવા માટે પહોંચતા જ હિન્દુ સંગઠનોએ ત્યાં પહોંચીને ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ ઘટનાને પગલે કોર્ટ પરિસરમાં ઉત્તેજનાભર્યો માહોલ સર્જાયો હતો. યુવતીના પરિવારજનો અને હિન્દુ સંગઠનોએ આક્ષેપ કર્યો હતો કે, રજિસ્ટ્રાર ઓફિસમાં બંધ બારણે સેટિંગ ગોઠવીને આ પ્રક્રિયા કરાઈ રહી છે. યુવતીને પ્રેમજાળમાં ફસાવાઈ છે, તો હિન્દુ સંગઠનોએ આ ઘટનાને લવ જેહાદ ગણાવી છે. આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ ચર્ચા યુવતીના પહેરવેશની થઈ રહી છે. લગ્ન કરવા




આવેલી યુવતી વકીલના ડ્રેસમાં સજ્જ થઈને આવી હતી, જેને જોઈને ત્યાં હાજર અન્ય વકીલોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. યુવતી વકીલ ન હોવા છતાં વકીલના સ્વાંગમાં આવતા કાયદાકીય વ્યવસાય સાથે જોડાયેલા લોકોએ પણ પોતાની મર્યાદાના ઉલ્લંઘન બદલ નારાજગી વ્યક્ત કરી છે.વરિષ્ઠ વકીલે આ અંગે જણાવ્યું કે, 'આજે કોર્ટમાં એક મહિલા અને એક પુરૂષ વકીલ ન હોવા છતાં વકીલના સ્વાંગમાં આવ્યા હતા, જેની જાણ અમે કારંજ પોલીસ સ્ટેશનને કરી હતી, ત્યારબાદ તેઓ કોર્ટ આવ્યા છે અને બંને વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહીની બાહેંધરી આપી છે. અમારી પીઆઈ પાસે માંગ છે કે, બંને વિરૂદ્ધ કાયદેસરનો ગુનો થતો હોય તે દાખલ કરો.'યુવતીએ નરોડાના સલમાન મન્સૂરી નામના યુવક સાથે કોર્ટ મેરેજ કરવા પહોંચી હતી. યુવતીના પરિવારજનો અને હિન્દુ સંગઠનોએ આને 'લવ જેહાદ' ગણાવીને વિરોધ નોંધાવ્યો છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારે આ લગ્નનો સખત વિરોધ કર્યો છે અને આરોપ લગાવ્યો છે કે યુવતીને ભ્રમિત કરવામાં આવી છે.અમદાવાદ શહેરના ઘીકાંટા વિસ્તારમાં આવેલી જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસ ૩ માર્ચે રીતસરની છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. મુસ્લિમ યુવક અને હિન્દુ યુવતી પ્રેમલગ્ન કરવા માટે પહોંચતા જ હિન્દુ સંગઠનોએ ત્યાં પહોંચીને ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.




### પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય હિસ્ટ્રીશીટરો અને રીઢા ગુનેગારોમાં કાયદાનો ડર પેદા કરવાનો છે

# હોળી-ધુળેટી અને રમઝાનને લીધે અમદાવાદ પોલીસ એક્શનમાં । ૧૦૦થી વધુ પોલીસકર્મીનું ફૂટ પેટ્રોલિંગ

**ભીડભાડવાળા બજારો, સાંકડી ગલીઓ અને મકાનોની અગાસીઓ પર નજર રાખવા માટે નાઇટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ શહેરમાં આગામી હોળી-ધુળેટી અને રમઝાન માસના તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ દ્વારા ઝોન ૫ અને ઝોન ૬ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. સંવેદનશીલ વિસ્તારો અને મિશ્ર વસ્તી ધરાવતા વિસ્તારોમાં શાંતિ જળવાય તેમજ ગુનેગારોમાં કાયદાનો ડર પેસે તે માટે ૨ એસીપી અને ૮ પીઆઈ સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી ઝોન-૫ વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. ખાસ કરીને સંવેદનશીલ ગણાતા હિન્દુ-મુસ્લિમ વસ્તી ધરાવતા મિશ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ૨ એસીપી અને ૮ પીઆઈ સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓ મેદાને ઉતર્યા હતા. આ પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય હિસ્ટ્રીશીટરો અને રીઢા ગુનેગારોમાં કાયદાનો ડર પેદા કરવાનો છે. આ દરમિયાન રબારી કોલોની ચાર રસ્તા પાસે વાહન ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં નિયમ વિરુદ્ધ કારના કાચ પર લાગેલી બ્લેક ફિલ્મ સ્થળ પર જ



ઉતારવામાં આવી હતી.

અમદાવાદ ઝોન ૬ પોલીસ દ્વારા ખાસ પ `ટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરીની મુખ્ય વિશેષતા ટૅક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ છે, જેમાં ખાસ કરીને ભીડભાડવાળા બજારો, સાંકડી ગલીઓ અને મકાનોની અગાસીઓ પર નજર રાખવા માટે નાઈટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રમઝાનની રાત્રે ધમધમતા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૨ પીઆઈ અને ૫ પીએસઆઈ સહિતના વિશાળ પોલીસ કાફલાએ ફિલ્ડ પર ઉતરીને નિરીક્ષણ કર્યુ હતું. આધુનિક ડ્રોન ટૅક્નોલૉજીની મદદથી પોલીસ હવે માનવ આંખ પહોંચી ન શકે તેવા સંવેદનશીલ સ્થળોએ પણ બાજ નજર રાખી રહી છે, જેથી તહેવારો દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે.

અમદાવાદ શહેરમાં આગામી હોળી-ધુળેટી અને રમઝાન માસના તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ દ્વારા ઝોન ૫ અને ઝોન ૬ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે.

સંવેદનશીલ વિસ્તારો અને મિશ્ર વસ્તી ધરાવતા વિસ્તારોમાં શાંતિ જળવાય તેમજ ગુનેગારોમાં કાયદાનો ડર પેસે તે માટે ૨ એસીપી અને ૮ પીઆઈ સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી ઝોન-૫ વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. ખાસ કરીને સંવેદનશીલ ગણાતા હિન્દુ-મુસ્લિમ વસ્તી ધરાવતા મિશ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ૨ એસીપી અને ૮ પીઆઈ સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓ મેદાને ઉતર્યા હતા. આ પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય હિસ્ટ્રીશીટરો અને રીઢા ગુનેગારોમાં કાયદાનો ડર પેદા કરવાનો છે.

### ૨૫૦ લીટરથી વધુના પાણી વપરાશને લઈ તંત્ર ચિંતિત

# અમદાવાદી નાગરિકનો દૈનિક પાણી વપરાશ દૈનિક ૨૦૦ લીટરથી પણ વધુ । માથા દીઠ પાણી વપરાશમાં અવ્વલ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

શહેરના પશ્ચિમ વિસ્તારોમાં દૈનિક ૨૫૦લીટરથી વધુના પાણી વપરાશને લઈ તંત્ર ચિંતિત, નવી ટર્મ પાણી પોલીસીનો અમલકરાશેમાથા દીઠ પાણી વપરાશને લઈ જે નિયત મર્યાદા દૈનિક ૧૫૦ લીટર નકકી કરાઈ છે.આ મર્યાદા કરતા પણ વધુ એટલે કે દૈનિક સરેરાશ ૨૦૦ લીટરથી પણ વધુ પાણીનો અમદાવાદી નાગરિક વપરાશ કરે છે.શહેરના પશ્ચિમમા આવેલા કેટલાક વોર્ડ વિસ્તારોમાં તો દૈનિક ૨૫૦ લીટરથી પણ વધુ પાણીનો વપરાશ લોકો કરી રહયા છે. પાણીના સતત વધુ વપરાશને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર ચિંતિત છે.કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી પછી નવી ટર્મમા સત્તાસ્થાને આવનાર પક્ષ સાથે સંકલન કરી ૧૪ વર્ષ અગાઉ વોટર મીટર લગાવાયા હતા તે પોલીસીનો ફરીથી અમલ થાય તેવી પ્રબળ સંભાવના છે. નર્મદાનુ પાણી લેવા કોર્પોરેશન રાજય સરકારને પ્રતિ કિલો લીટર દીઠ રુપિયા ૫.૦૨ પૈસા ચૂકવે છે.એક સર્વે મુજબ, નવેમ્બર-૨૦૨૩માં અમદાવાદમાં પાણીનો રોજનો વપરાશ ૧૫૭૯ લાખ લીટર પર ડે હતો.હાલમાં કોર્પોરેશન નર્મદા કેનાલમાંથી દૈનિક ૧૭૫૦ લાખ લીટર રો વોટર મેળવે છે. પાલડી, નવરંગપુરા,વાસણા, વાડજ, રાણીપ, ચાંદખેડા ઉપરાંત ઉત્તર પશ્ચિમમા આવેલા થલતેજ,બોડકદેવ અને ગોતા જેવા વોર્ડ વિસ્તારમાં માથાદીઠ દૈનિક ૨૫૦ લીટરથી પણ વધુ પાણી લોકો વાપરી રહયા છે.

## સુરેન્દ્રનગરના મહેતા માર્કેટમાં જુગાર રમતા ૪ શખ્સ ઝડપાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૩ ।

સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસે શહેરની મધ્યમાં આવેલ મહેતા માર્કેટમાં દુકાનના ઓટલા પર ગુડદી પાસાનો જુગાર રમતા ૦૪ શખ્સોને રોકડ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસે મહેતા માર્કેટમાં આવેલી પારસ એન્ટરપ્રાઈઝ દુકાનના ઓટલા પર ગુડદી પાસાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી. જેમાં સ્થળ પરથી જુગાર રમતા (૧) હરજીભાઈ ગોકળભાઈ ગોલતર (રહે. રતનપર) (૨) છેલાભાઈ તેજાભાઈ બતાડા (ખાણ વિસ્તાર, રહે. રતનપર) (૩) સલમાનભાઈ મુસ્તાકભાઈ બેલીમ (રહે.જુના જંક્શન રોડ) અને (૪) રમજાનભાઈ ઉર્ફે મુકો નુરમહંમદભાઈ કટીયા (રહે.ઘાંચીવાડ)ને રોકડ રૂ.૧૪,૫૭૦ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા અને તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસે શહેરની મધ્યમાં આવેલ મહેતા માર્કેટમાં દુકાનના ઓટલા પર ગુડદી પાસાનો જુગાર રમતા ૦૪ શખ્સોને રોકડ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.

## સુરેન્દ્રનગરમાં હનીટ્રેપ ગેંગના ફરાર બંને આરોપી ૨૩ લાખ સાથે ઝડપાયા

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૩ ।

સાણંદ તાલુકાના શાંતિપુરા ગામે રહેતા હુસેનઅલી અબ્દુલઅલી મોમીન જમીન દલાલને હનીટ્રેપમાં ફસાવા એક યુવતી દ્વારા બીભત્સ વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ.૦૧ કરોડ પડાવ્યા હતા.ભોગ બનનાર જમીન દલાલે બી ડિવિઝન પોલીસ મથકે ૦૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના દિવસોમાં જ હનિટ્રેપના બનાવમાં સંડોવાયેલ શખ્સો પૈકી ચાર શખ્સો (૧) એક મહિલા (૨) તોસીફખાન ઉર્ફે લાલો અકબરખાન મલેક (રહે. અખીયાણા, તા.પાટડી)(૩) સાહિલખાન સરદારખાન મલેક (રહે. માલવણ, તા.પાટડી) (૪) આસિફખાન મોહબતખાન મલેક (રહે. અખીયાણા, તા.પાટડી)ને રોકડ રકમ, કાર અને પિસ્તોલ સહિત કુલ રૂ.૭૨.૫૦ લાખના મુદામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે બે શખ્સો પોલીસ પકડથી દૂર હતા જેમને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. જેમાં એલસીબી, પેરોલ ફર્લો સહિતની ટીમો દ્વારા તપાસ હાથ ધરી ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી ફરાર (૧) અરબાઝખાન હયાતખાન મલેક (રહે. અખીયાણા, તા.પાટડી)ને અને અમનખાન મહેબુબખાન મલેક (રહે. ઈંગરોડી, તા.લખતર)ને રોકડ રૂ.૨૩.૭૫ લાખ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.સાણંદ તાલુકાના શાંતિપુરા ગામે રહેતા હુસેનઅલી અબ્દુલઅલી મોમીન જમીન દલાલને હનીટ્રેપમાં ફસાવા એક યુવતી દ્વારા બીભત્સ વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ.૦૧ કરોડ પડાવ્યા હતા. સાણંદ તાલુકાના શાંતિપુરા ગામે રહેતા હુસેનઅલી અબ્દુલઅલી મોમીન જમીન દલાલને હનીટ્રેપમાં ફસાવા એક યુવતી દ્વારા બીભત્સ વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ.૦૧ કરોડ પડાવ્યા હતા.







## તંત્રી લેખ...

# રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય

રાહુલ ગાંધીની માઠી બેઠી લાગે છે. સુરતની એક અદાલત દ્વારા અપરાધિક માનહાનિના એક કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા સંભળાવ્યા બાદ આજે તેમની સંસદીય સદસ્યતા પણ ચાલી ગઈ છે. હવે ખબર નહીં આગળ શું થશે, પરંતુ પોતાની સજા પર રાહુલ ગાંધીના એમ કહેવાનો કોઈ મતલબ નથી કે સત્ય મારો ભગવાન છે. મહાત્મા ગાંધીના આ કથનનો ઉલ્લેખ કરવો એટલા માટે વ્યર્થ છે, કારણ કે તેમને જે નિવેદન માટે માનહાનિના દોષીત ગણાવવામાં આવ્યા છે, તેને સત્ય સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધવા માટે લલિત મોદી, નીરવ મોદીનો ઉલ્લેખ કરતાં એમ જે કહ્યું હતું કે તમામ મોદી ચોર કેમ હોય છે, તે દરેક દૃષ્ટિએ એક અપમાનજનક અને અભદ્ર નિવેદન હતું. ગત લોકસભા ચૂંટણીના અવસર પર તેમના તરફથી આપવામાં આવેલ આ નિવેદન એક જાતિ વિશેષના લોકો પ્રત્યે તેમની દુર્ભાવના જ દર્શાવે છે. આ જ કારણ છે કે તેમને માનહાનિના દોષી ઠેરવવામાં આવ્યા. રાહુલ ગાંધીને એ આભાસ હોવો જોઈતો હતો કે પોતાના એક નવેદનથી એક જાતિના લોકોને તેઓ લાંછિત કરી રહ્યા હતા. તેઓ કોંગ્રેસના મોટા નેતા છે, તેનો મતલબ એ નહીં કે તેઓ સંભાળીને બોલવાનું છોડી દે અને જે મનમાં આવે, તે બોલી નાખે. સમસ્યા એ છે કે તે એવું જ કરતા રહે છે અને એ જ કારણે રહી-રહીને ટીકા અને વિવાદનું કેન્દ્ર બનતા રહે છે. કોઈને કશું પણ કહી દેવું અને ત્યાં સુધી કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવો બેજવાબદાર હરકત જ નહીં, ખુદને અતિ વિશિષ્ટ સમજવાની માનસિકતા પણ છે. જાહેર જીવનમાં આવી સામંતી માનસિકતા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. આજે આ માનસિકતાને કારણે તેમણે સંસદનું સભ્યપદ ગુમાવવું પડ્યું છે, તે કોઈ જેવું તેવું નુક્સાન નથી. રાહુલ ગાંધીએ પોતાના અપમાનજનક નિવેદન માટે ક્ષમા માંગી લેવાની જરૂર હતી, પરંતુ રાજકીય કારણોસર તેમણે એવું કરવાનો ઈનકાર કર્યો. પરિણામ એ આવ્યું કે આજે તેમના રાજકારણ પર જ બ્રેક લાગી ગઈ. જોકે પોતાની આ હાલત માટે તેઓ બીજા કોઈને દોષ ન આપી શકે. વિચિત્ર વાત એ છે કે કોંગ્રેસીઓ રાહુલ ગાંધીનો બચાવ કરતાં ન્યાયિક પ્રક્રિયા પર જ પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એનાથી કશું વળવાનું નથી. રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય. રાહુલ ગાંધી તો એ સારી રીતે જાણતા જ હતા કે સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણીને ખોટી રીતે ઉલ્લેખ કરતાં જ્યારે તેમણે એમ કહી દીધું હતું કે હવે તો શીર્ષ અદાલત પણ કહી રહી છે કે ચોકીદાર ચોર છે, ત્યારે તેમણે નાકલીટી તાણીને માફી માંગવી પડી હતી. રાહુલનું સાંસદ પદ ગયું એમાં કોંગ્રેસીઓ ઘણા બેબાકળા થઈ ગયા છે. જોકે આવું પહેલી વાર નથી થયું.

# એનજીઓ જાસૂસીમાં પણ સામેલ

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં પણ કેટલીક બિનસરકારી સંસ્થાઓ રહી છે. આ સંસ્થાઓ સરકારની વિકાસ પ્રવૃત્તિ આડે અડચણરૂપ બની જાય છે. ભારતના ઘણા પછાત આદિવાસી વિસ્તારોમાં સરકારની કામગીરીનો વિરોધ એનજીઓ જાણી જોઈને કરે છે. કામગીરી રોકાઈ જાય તેવો હેતુ રહે છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર એનજીઓનો ઉપયોગ જાસુસી માટે પણ થાય તેવા અહેવાલ મળી ચુક્યા છે. એફએટીએફના અહેવાલ પ્રકાશિત થતા પહેલા વર્ષ ૨૦૧૦માં ભારત સરકારે કઠોર પગલા લઈને એફસીઆરએની રચના કરી હતી અને એફટીએફના રિપોર્ટ પહેલા જ કેટલાક બિનસરકારી સંગઠનોને રાજકીય છત્ર હેઠળ લાવીને તેમને વિદેશી સહાયતા મેળવવાના મામલાથી બચાવી લેવામાં આવ્યા હતા આ તરત જ કરવમાં આવેલી કાર્યવાહી પાછળ દુનિયાના દેશોને એવો સંદેશો પણ આપવાનો હેતુ હતો કે ભારત હવાલા અને ત્રાસવાદી સંગઠનોને સામે કઠોર કાર્યવાહી કરવાનું જાણે છે અને તે આ પ્રકારની ગતિવિધિને કોઈપણ સંજોગોમાં ચલાવી લેશે નહીં. પરંતુ આની સાથે સાથે આ કાયદાએ સરકારને અસહમતિના અવાજોને દબાવી દેવા અને માનવઅધિકાર માટે લડનારની સામે કાર્યવાહીના અધિકાર પણ આપી દીધા હતા. હવે નરેન્દ્ર મોદી સરકારે ૧૦ હજારથી વધારે બિનસરકારી સંગઠનોના લાઈસન્સ રદ્દ કરી ચૂકી છે. સાથે સાથે સરકાર નવા દિશાનિર્દેશો પણ જારી કરી ચુકી છે. જે વિદેશી સહાયતા મેળવનાર સાથે સંબંધિત છે. નવા નિયમો મુજબ બિનસરકારી સંગઠનોને વિદેશમાંથી પ્રાપ્ત સહાયતાની રકમની સાત દિવસની અંદર માહિતી આપવી પડશે. જે બેંકોના માધ્યમથી આ વિદેશી નાણાં બિનસરકારી સંગઠનના ખાતામાં જમા થશે તેમને આ માહિતી ૪૮ કલાકની અંદર આપવી પડશે. આવી જ રીતે બિનસરકારી સંગઠનોને પોતાના નાણાંને દેશ માટે ઘાતક ગતિવિધિમાં સામેલ કરવાની મંજુરી આપી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે ભારત કેટલાક દેશોમાં પડોશી દેશો કરતા આગળ છે. બાંગ્લાદેશ તો ભારતથી પણ આગળ છે. બાંગ્લાદેશે બ્લોક સ્તરના અધિકારીઓને બિનસરકારી સંગઠનોને બંધ કરવા સુધીના અધિકારો આપી દીધા છે. પાકિસ્તાનમાં પણ ૩૦૦૦થી વધારે બિનસરકારી સંગઠનોને રાષ્ટ્રના હિતમાં કામ નહીં કરવાના કારણે પોતાના કામકાજને સમેટી લેવા માટે સૂચના આપી દીધી છે. શ્રીલંકાના પૂર્વ પ્રમુખ રાજાપક્ષયે તો આનાથી પણ આગળ વધીને બિનસરકારી સંગઠનોની પત્રકાર પરિષદ પર પણ બ્રેક મૂકી દીધી હતી. ભારતમાં બિનસરકારી સંગઠનોને લઈને ઘૃણાની સ્થિતિ રહી નથી બલકે કેટલાક સરકારી વિભાગ તો તેમની સહાયતાથી પોતાના કાર્યક્રમ સુધી પણ આયોજિત કરે છે. જાસુસીમાં પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ એને ગણી શકાય છે જે દેશની પ્રગતિમાં બાધાજનક છે. કેટલાક વિદેશી ફંડિંગ મેળવતા સંગઠનો આવી ગતિવિધિ ચલાવી રહ્યા છે. તમિળનાડુના કુડનકુલમમાં બનનાર પરમાણુ ઉર્જા યુનિટના વિરોધ કરનાર એનજીઓની વ્યૂહરચના સામે પ્રશ્નો ઉઠતા રહ્યા છે. આવી જ રીતે ભારતમાં પછાત આદિવાસી વિસ્તારોમાં સરકાર દ્વારા કરવામાં આવી રહેલી વિકાસ ગતિવિધિનો વિરોધ ઘણા એનજીઓ કરી રહ્યા છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### સૂર્ય કરતાં ૮૦ ગણો વધારે ભારે બ્લેકહોલની અજબ ગજબ ગતિવિધિઓ પકડાઈ

**બ્લેકહોલ એ શક્તિશાળી ગુરૂત્વાકર્ષણ ક્ષેત્ર ધરાવતી ખગોળીય વસ્તું છે. તે પોતાના ગુરૂત્વાકર્ષણથી આસપાસની વસ્તુઓને પોતાની તરફ ખેંચે છે. બ્લેક હોલ બ્રહ્માંડની એક એવી જગ્યા છે કે જ્યાંથી કશુંજ પાછું આવી શકતું નથી, વિદ્યુતચુંબકીય તરંગો કે પ્રકાશ પણ પાછો આવી શકતો નથી.**

# નાસાના વૈજ્ઞાનિકોએ નિહાળ્યો અજૂબો:સુર્ય કરતાં ૮૦ ગણા ભારે બ્લેક હોલનું રહસ્ય ઉકેલાયું


**ટાઇટન એ શનિનો છઠ્ઠો ઉપગ્રહ છે. પૃથ્વીના ચંદ્ર કરતાં તેનો વ્યાસ ૫૦ ટકા મોટો છે અને તે ચંદ્ર કરતાં ૮૦ ટકા મોટો છે. સૂર્યમાળામાં તે ગુરુના ચંદ્ર ગેનીમિડ પછી બીજા ક્રમનો સૌથી મોટો ચંદ્ર છે**

ટાઈટનની શોધ માર્ચ ૨૫ ૧૬૫૫માં ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીન હાઈજીન્સે કરી હતી. હાઈજીન્સ ગેલેલિયોએ ૧૬૧૦માં કરેલ ગુરુના ચાર મોટા ચંદ્રોની શોધ અને તેણે ટેલિસ્કોપ માં કરેલ ફેરફારોથી પ્રભાવિત થયો હતો. ક્રિસ્ટિને તેના ભાઈની મદદથી ૧૬૫૦માં ટેલિસ્કોપ બનાવવાનું શરૂ કર્યું અને શનિની ભ્રમણકક્ષાની ફરતે ચંદ્રની શોધ તેમણે બનાવેલા ટેલિસ્કોપ વડે કરી હતી.

ટાઈટન એ શનિનો છઠ્ઠો ઉપગ્રહ છે. પૃથ્વીના ચંદ્ર કરતાં તેનો વ્યાસ ૫૦ ટકા મોટો છે અને તે ચંદ્ર કરતાં ૮૦ ટકા મોટો છે. સૂર્યમાળામાં તે ગુરુના ચંદ્ર ગેનીમિડ પછી બીજા ક્રમનો સૌથી મોટો ચંદ્ર છે અને કદમાં સૌથી નાના ગ્રહ બુધ કરતાં ૪૦ ટકા મોટો છે. ટાઈટનની શોધ ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીન હાઈજીન્સે ૧૬૫૫માં કરી હતી. ટાઈટન એ શનિનો સૌપ્રથમ શોધાયેલો પ્રથમ ઉપગ્રહ અને બીજા ગ્રહનાં ઉપગ્રહોમાં પાંચમો શોધાયેલ ચંદ્ર હતો.

ટાઈટન મુખ્યત્વે પાણીનો બરફ અને ખડકાળ પદાર્થો ધરાવે છે. શુક્રની જેમ ગાઢ વાતાવરણને લીધે ટાઈટનની સપાટીનો અભ્યાસ શક્ય બન્યો ન હતો. ૨૦૦૪માં કાસિની-હાઈજીન્સ મિશનને કારણે નવી માહિતી મળી છે. ટાઈટનના ધ્રુવો પર હાઈડ્રોકાર્બનના તળાવો આવેલા છે. ટાઈટનની સપાટી મોટાભાગે કેટલાક ખાડાઓની સાથે સપાટ છે, પરંતુ પર્વતો અને અન્ય જ્વાળામુખીઓ પણ મળ્યાં છે.

ટાઈટનનું વાતાવરણ મુખ્યત્વે નાઈટ્રોજનથી બનેલું છે. તેમાં રહેલા અન્ય



વાયુઓ મિથેન-ઈથેનના વાદળો અને નાઈટ્રોજનથી ભરેલ ધુમ્મસ બનાવે છે. વાતાવરણ પવન અને વરસાદ ધરાવે છે. સપાટી પર પૃથ્વીની જેમ ઢુવાઓ, નદીઓ, તળાવો, દરિયો (કદાચ મિથેન-ઈથેનનો) આવેલાં છે. તેના પર પૃથ્વીની જેમ ઋતુઓ પણ છે. સપાટી અને સપાટીની નીચે પાણી હોવાથી ટાઈટન પર પૃથ્વીની જેમ મિથેનનું જળ ચક્ર નીચા તાપમાન પર ચાલે છે.

શનિ ગ્રહના ટાઈટન મૂન પર નાસા ડ્રેગનફલાયસ્પેસ અભિયાન હવે હાથ ધરવા જઈ રહ્યું છે. નાસાના પ્લેન્ટરી સાયન્સ જર્નલમાં પ્રકાશિત શોધપત્રમાં ડ્રેગનફલાય મિશનનો ઉલ્લેખ ટાઈટનનું વાયુમંડળ પૃથ્વીને મળતું આવતું હોવાથી અભિયાન મહત્વનું બનશે.

પૃથ્વીને મળતું આવતું વાતાવરણ ધરાવતા શની ગ્રહના મૂન ટાઈટન પર અમેરિકાની સ્પેસ એજન્સી નાસા ડ્રેગન ફલાય નામનું મિશન શરુ કરશે. સૌરમંડળના ગ્રહોમાં શનિ સૌથી વધારે ચંદ્ર એટલે કે મૂન ધરાવે છે. સૌરમંડળના ગ્રહોના મૂનમાં શનિનો ટાઈટન સૌથી જુદો પડે છે. ટાઈટન પર વાયુ મંડળ છે અને સપાટી પર જે તરલતા જોવા મળે છે તેના આધારે જળવાયુ પૃથ્વી જેવું જણાય છે. ટાઈટન પર પાણીના સ્થાને મિથેનનો વરસાદ થાય છે પરંતુ વૈજ્ઞાનિકો ઘણા સમયથી એવું માને છે કે અહીંયા જીવન હોવાની શકયતા રહેલી છે. ટાઈટન પરના આ અંગે સંશોધન માટે નાસાએ ડ્રેગન ફલાય અભિયાન મોકલવાનું નકકી કર્યુ છે .

ડ્રેગનફલાય અભિયાન વર્ષ ૨૦૩૦ સુધીમાં એક રોટોક્રાફટ મોકલશે જે ટાઈટનની સપાટી પર પહોંચીને અવલોકન કરશે.આ અંગે નાસાના પ્લેન્ટરી સાયન્સ જર્નલમાં સાયન્સ ગોલ્સ એન્ડ ઓબ્જેકિટવ્સ ફોર ડ્રેગનફલાય ટાઈટન રોટોક્રાફટ રીલોકેટેબલ લેંડર નામનું શોધપત્ર પ્રકાશિત થયું છે. ટાઈટન પર અભિયાન હાથ ધરવા માટેના લક્ષ્યાંકોમાં રાસાયણિક જૈવ સંકતોનું સંશોધન, ટાઈટન પર રહેલું મીથેન ચક્ર,વાયુમંડળનું સંશોધન અને જીવનની શરુઆતમાં પર્વનું રાસાયણિક વિજ્ઞાન વગેરે છે. સ્ટડીના સહ લેખક એલેકસ હેસનું કહેવું હતું કે ટાઈટન પર જે સંશોધન કરવા ઈચ્છીએ છીએ તેનું રિઝલ્ટ શું હશે એ અંગે જરાં પણ અંદાજ લગાવી શકાય તેમ નથી. ૧૩ વર્ષથી કેસિની શનિ ગ્રહને ચક્કર લગાવી રહયું છે પરંતુ ટાઈટનની સપાટી પર મીથેનવાયુ ધરાવતું વાતાવરણ હોવાથી જાણકારી મળી શકતી નથી. કેસિનીના રડારે કેટલીક આકૃતિઓ અને ઈમેજ ઝીલી છે પરંતુ ટાઈટન મૂન કેવી રીતે બન્યો છે તેની રચના અંગે જાણવા મળતું નથી. ટાઈટન પરનું વાયુમંડળનું વાતાવરણ મિથેનનું છે એના માટે પણ પહેલા દ્વીધા હતી. સપાટી પર તરલ મહાસાગર જેવી સ્થિતિ જોવા મળે છે તે મીથેન કે ઈથેન છે કે પછી બરફ જેવા કોઈ કઠણ પદાર્થ છે એવું પણ અનુમાન લગાવવામાં આવતું હતું.

વર્ષ ૨૦૦૫માં ટાઈટનની સપાટી પર હ્યુજન્સ ડિઝાઈન કરવામાં આવ્યું હતું. જે મીથેન કે ઈથેનના મહાસાગરમાં તરી શકે તેમ હતું. ટાઈટનનું વાયુમંડળ જોતા તે સપાટી પર ઉતરી શકશે કે કેમ તેની શંકા હતી પરંતુ ડ્રેગનફલાય મિશન ટાઈટનની સપાટીની અવશ્ય ચકાસણી કરશે. ડ્રેગનફલાય ટાઈટનના કોઈ એક સ્થળે એક દિવસ સુધી રહેશે. ટાઈટનનો એક દિવસ પૃથ્વીના ૧૬ દિવસ બરાબર થાય છે. આ દરમિયાન ટાઈટનની સપાટી પર સંશોધન કરશે.ત્યાર પછી તે ઉડીને નવા સ્થળે પહોંચશે. મંગળગ્રહ પર મોકલવામાં આવેલા રોવર પણ આ રીતે જ કામ કરી રહયા છે.ટાઈટનનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના સાતમા ભાગનું છે પરંતુ વિશાળ વાયુમંડળ ચાર ગણું ઘટ્ટ છે. ટાઈટન પરનું શાંત વાયુમંડળ અને પૃથ્વી કરતા પાતળી હવા ડ્રગનફલાય મિશન માટે અનુકુળ આવે તેમ છે.



### માસુમ બાળકોના માનસિક આરોગ્ય પર માઠી અસર થાય છે

**માતાપિતા વચ્ચે છુટાછેડાની અસર બાળક પર કેટલી થાય છે તે તેની વય પર આધારિત રહે છે આવી સ્થિતીમાં અલગ થઇ રહેલા માતાપિતાને સૌથી પહેલા આ બાબત પણ ડીલ કરવી જોઇએ કે પોતાના બાળકને તેઓ અલગ થઇ રહ્યા છે તે બાબત કઇ રીતે કહે**

# છુટાછેડાથી બે પરિવાર જુદા થાય છે

**કપલની પાસે જો બાળક પણ તલાકના સમય હોય છે તો સ્થિતિ વધારે ભાવનાત્મક પિડા આપનાર બની જાય છે : બાળકોને પ્રાથમિકતા જરૂરી**

અંતરિક્ષની ઘણી ગતિવિધિઓ આપણને ચોંકાવી દેતી હોય છે. કેટલીક વિજ્ઞાનના નિયમો માટે પડકારજનક પણ લાગે છે. આવી જ એક રહસ્યમયી પ્રવૃતિને નાસાના વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે. નાસાએ એક બ્લેક હૉલ નિહાળ્યો છે. જે ખૂબ જ ગરમ પદાર્શોને પ્રકાશથી પણ વધુ ગતિએ ઉત્સર્જિત કરે છે. નાસાની ચંદ્ર ઓબ્જર્વેટરીમાં અલૌકિક ઘટનાનું અવલોકન થયું છે. વૈજ્ઞાનનિકોએ નોંધ્યુછે કે આ બ્લેકહોલ પદાર્થોને પ્રકાશ કરતાં પણ ૮૦ ગણો વધુ ઝડપે ફેંકે છે. કઈ પણ બ્લેકહોલમાં આ પ્રકારની પ્રવૃતિની અગાઉ ક્યારેય નોંધ લેવાઈ નથી. એવું અનુમાન છે કે આ બ્લેકહોલનો ભાર આપણા સૂર્ય કરતા ૮૦ ગણો વધારે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ બ્લેક હોલજે પૃથ્વીથી ઓછામાં ઓછા ૧૦ હજાર પ્રકાશ વર્ષ દૂર છે તે આપણી આકાશગંગામાં સ્થિત છે. ખગોળશાસ્ત્રીઓએ સ્છર્ઠે ૧૮૨૦ ૦૭૦ તારા નજીક બ્લેક હોલનું અવલોકન કર્યું છે. આ બ્લેકહોલ આ તારા સાથે જેટ જેવી સામગ્રી ફેંકી રહ્યું છે.

ખગોળશાસ્ત્રીઓનું અવલોકન છે કે આ બ્લેક હૉલનું અવલોકન અગાઉના અભ્યાસ પર આધારિત છે. આ જેટ બ્લેક હૉલ પૃ



થ્વીથી દૂર ઉત્તર અને દક્ષિણ દિશામાં જઈ રહ્યા છે અને તેની ગતિ પ્રકાશની ગતિથી ૬૦થી ૧૬૦ ટકા જેટલી છે.

સંશોધનકારોના મતે આ ખાસ પ્રકારની ઘટના છે જેમાં બ્લેકહોમાંથી સામગ્રી બહાર ફેકાઈ રહી છે. બ્લેક હોલમાંથી સામગ્રીનું બહાર નીકળવું એ સુપરલ્યુમિનલ ગતિનું ઉદાહરણ છે. આ ઘટના ત્યારે બને છે જ્યારે પ્રકાશની ગતિએ પૃથ્વી તરફ કોઈ વસ્તુ આવે છે નાસાના મતે, આ ભ્રમણા તરફ દોરી જાય છે કે તે પ્રકાશ કરતાં ઝડપથી આવી રહ્યું છે.

આપણને પ્રશ્ન થાય કે આ બ્લેક હોલ શું છે? ઘણો અટપટો પ્રશ્ન છે. એટલે બ્લેકહોલ વિશે પહેલા થોડુ સમજવું જરૂરી છે.

જ્યારે કોઈ તારો તેનું કરોડો વર્ષનું આયુષ્ય પૂરું કરે છે ત્યારે તેનામાં હાઈડ્રોજન પૂરો થઈ જાય છે. ત્યારબાદ તારો ઠંડો થવા લાગે છે તે દરમિયાન તારામાં સુપરનોવા ક્રિયા થવા લાગે છે. સુપરનોવા ક્રિયામાં એક પ્રકારનો તીવ્ર વિસ્ફોટ થાય છે, જેમાં તારો ખૂબ જ તીવ્ર પ્રકાશથી સળગે છે અને પછી વેરાઈ જાય છે. એ તારાના પદાર્થ તીવ્ર પ્રકાશ સાથે અંતરીક્ષમાં ફેલાઈ જાય છે. તારાના બચેલા અવશેષોની આજુબાજુ શક્તિશાળી ગુરુત્વાકર્ષણ બળ લાગે છે, જે આજુબાજુના પદાર્થને પોતાની તરફ ખેંચે છે. એટલે કે બધા જ પદાર્થો એકઠા થઈ એક કેન્દ્ર તરફ સંકોચાઈ જાય છે. જેને બ્લેક હોલ કહે છે.

વૈજ્ઞાનિકો એ ધરતીથી સૌથી દૂર આવેલા બ્લેક હૉલ ની શોધ કરી દીધી છે. આ ૧૩ અબજ પ્રકાશવર્ષ દૂર છે. એરિઝોના યૂનિવર્સિટીના એક્સપર્ટ્સના જણાવ્યા પ્રમાણે આ મહાવિશાળ બ્લેક હૉલ ત્યારે પેદા થયો હતો જ્યારે બ્રહ્માંડ ફક્ત ૬૭ કરોડ વર્ષ જૂનો હતો. આ એક ક્વાઝર(Quasar) છે. SBHનું સૌથી શક્તિશાળી ગુરુત્વાકર્ષણ આસપાસના મટેરિયલને પોતાની તરફ ખેંચી લે છે, જેનાથી તેની આસપાસ અત્યંત ગરમ મટેરિયલની એક ડિસ્ક પેદા થઈ જાય છે. આનાથી મોટી માત્રામાં ઊર્જાનું ઉત્સર્જન થાય છે અને ક્વાઝર પેદા થાય છે.

તેની ચમક આપણી આકાશગંગા કરતા હજારો ઘણી વધારે ળ૦૩૧૩-૧૮૦૬ નામના બ્લેકહૉલનો સમૂહ આપણા સૂર્યથી ૧.૬ અબજ ઘણું વધારે છે અને આની ચમક આપણી આકાશગંગા (Galaxy) કરતા હજારો ઘણી વધારે છે.

બિગ બેંગ (Big Bang) બાદ આ ઝડપથી વધ્યું છે. અત્યાર સુધી માનવામાં આવી રહ્યું છે કે જીમ્ૐ તારાઓના ક્લસ્ટર ના મર્યા બાદ પેદા થાય છે. જો કે આ બ્લેક હૉલની શોધ અને આકારની સાથે હવે એસ્ટ્રોનોમર્સ (Astronomers) નું કહેવું છે કે બની શકે કે એકદમ શરૂઆતની ઠંડી હાઈડ્રોજન ગેસ (Hydrogen) ના પડવાથી આ બન્યા હોય.

# જીવનના છોડનો જાતે ઉછેર કરવાનો છે



મન ઉપવન

મુકેશ આંજણા

જીવન એ કુમળો છોડ છે. કુમળા કોમળતા જાણવી જોઈએ. હૃદયમાં કોમળતાની ગેરહાજરી હોય ત્યારે જીવન રસ સુકાઈ જાય છે. પછી જીવન ખાલી-ખાલી લાગે છે. જીવન સાવ નિરસ બની જાય ત્યારે જીવનનો છોડ ઉગી શકતો નથી. જીવન માણો એ પહેલા જ જીવન વેલ કરમાઈ જાય છે. જીવન નામના છોડનો જાતે ઉછેર કરવાનો છે. જીવનનાં થડમાં જેટલો વધારે પરસેવાને બૂંદ પડશે તો મન ખુશીનાં હરિયાળીથી ભરેલું રહેશે. માણસ હર્ષ-ઉલ્લાસ, ખુશી અને આત્મશાંતિની ખોજમાં આખું જીવન વેડફી નાખે છે છતાં સફળ થઈ શકતો નથી. ચહેરા પર એક પ્રકારનો જાણે સાવ કંટાળો હોય એવું લાગી આવે છે. જાણે માણસ હારી-થાકી ગયો એવું દેખાઈ આવે છે. મનમાં જીવન વિરૂદ્ધ એક પ્રકારની ચીસ સાંભળવા માટે છે. જીવવા માટે શ્રદ્ધાવાન બનવાની જરૂર છે. માણસ શ્રદ્ધા ગુમાવે છે ત્યારે જીવનમાંથી બધુ ગુમાવી દે છે. જીવનરૂપી છોડને લીલોછમ રાખવો હોય તો હૃદયમાં શ્રદ્ધાનો દીપક કાયમી રાખો. ભયથી વિચલિત થવાની જરૂર નથી. ભય એ અંદરથી ખોખલા બનાવી નાખે છે. બસ, એટલા માટે જીવનને શ્રદ્ધાનાં કિરણોથી તેજસ્વિતા તરફ લઈ જવાની જવાબદારી માણસની છે. ૧૮૮૦માં દોસ્તોયેવસ્કીની મૂળ રુસી ભાષામાં 'ધ બ્રધર્સ કારામોઝોવ' નામની વિશ્વ પ્રસિદ્ધ નવલકથા આવી. દોસ્તો યેવસ્કીએ પોતાની નવલકથામાં એક પાત્ર ઈશ્વરને કહે છે, 'લો, મારી આ ટિકિટ, પાછી લઈ લો, હું જીવવા માગતો નથી. જિંદગી વ્યર્થ છે. ન તો હું અનુગ્રહિત છું, ન અનુગ્રહનું કોઈ કારણ દેખું છું. બસ જિંદગીથી બહાર થઈ જવા દો. માણસ જિંદગીથી ક્યારેક લાચાર બની જાય છે. જીવને જે માણસે આત્મસાત કર્યું છે. તેઓ મુક્તરીતે જીવવા માંગે છે. તેઓ જીવનને માયૂસીનાં દરિયામાં નાખવા માંગતા નથી. જીવન ક્યારેક દુઃખનાં કારખાનામાં પડી જાય તે કોઈને ખબર રહેતી નથી. વૃક્ષનાં થડને ઊંધઈ ખાઈ જાય પછી બધી ડાળ સુકાઈ જાય છે. હૃદય આનંદથી ભરેલું છે. હૃદય વિરૂદ્ધ કોઈ કામ થાય ત્યારે ઘણી બધી તકલીફોની શરૂઆત થાય છે. તકલીફમાં પડીએ તે પહેલા સાંભળી ચાલવું જરૂરી છે. મતલબ કે હૃદયમાં સમગ્ર દુનિયા આવી જાય છે. જીવનના ઘણા બધા નિરાશ માણસોને કેદરનાથનું પુસ્તક 'વિવેક અને સાધન' વાંચવું જોઈએ. જીવન ફિલોસૂફી સમજાવતાં આ પુસ્તકમાં કેદરનાથે લખ્યું છે, 'અંતરની ઉત્કંટ ઈચ્છા આપણને આ માર્ગમાં હંમેશા સહાય કરતી રહેશે. એ ઈચ્છા અને સંકલ્પ આપણે કદી ઈશ્વરનિષ્ઠા કે સંકલ્પને મંદ થવા દેવાં ન જોઈએ'. આપણે આપણા નિર્માણકાર થવું જોઈએ. જીવનને આકાર જાતે આપવાનો છે, જીવનદીપ પ્રગટાવાંનો છે. જીવનની આબોહવા બદલવા માટે સેવેલા સપનાં પાછળ જાતે ખોજ કરવી પડે છે. જીવન માટે પ્રેમ જેવી પવિત્ર ચીજને પ્રથમ સ્થાન આપવું જોઈએ. પ્રેમ જીવનમાં હશે ત્યારે આપોઆપ હૃદયમાં ખુશીનો છેડ આકાર પામશે. કોઈ ફિલોસોફરે પ્રેમનો મહિમા સમજાવતાં કહેલું કે પ્રેમ સૌથી મોટી કલા છે. તેનાથી મોટું કોઈ જ્ઞાન નથી. બધા જ્ઞાન પ્રેમથી નાના છે. બધા જ્ઞાન બહારથી જાણી શકાય છે. માત્ર પ્રેમ જ્ઞાન જ હૃદયથી જાણી શકાય છે. પરમાત્મા ક્યાં નથી પરંતુ એ તો પ્રેમનાં કેન્દ્રમાં છે. માણસ એકલો રહી શકતો નથી. જીવનને કોઈના સંગાથની જરૂર પડે છે. જ્યારે પ્રેમના સ્પર્શનાં સંગાથ મળી જાય ત્યારે જીવન ખુશીનાં ગીતથી ઝૂમી ઉઠે છે. પ્રેમ થકી આંખમાંથી નીકળતું એક આંસુ પણ અમૂલ્ય કિંમતી હોય છે. જીવનમાં પ્રેમ પ્રગતિરૂપી સેતુ બને ત્યારે માણસ ધારેલા લક્ષ સુધી પહોંચવા માટે મદદગાર સાબિત થાય છે. હૃદયની ભાવના કોઈ સમજવાવાળું મળે ત્યારે માણસ સૌથી વધારે ખુશ હોય છે. એટલા માટે એકબીજાના આત્મામાં વસી જાઓ. બે આત્મા પ્રેમથી રંગાઈ જશે ત્યારે જીવનની ઘણી બધી સમસ્યાનો ઉકેલ મળી જશે. બસ વાત એટલી પ્રેમ પણ જીવનને આકાર આપવામાં સૌથી વધારે યોગ્યદાન રહે છે. ફિલોસોફર નીત્શે માણસ પોતાની જાતને ઓળખવાની વાત ખૂબ જ સચોટ રીતે કહી છે, 'હવે સમય આવી ગયો છે કે માણસ પોતાની મંઝિલ ઓળખી લે. અને પોતાની ઉંચી આશા, ઉંચું ધ્યેયનાં બીજ રોપે, ઉંચું ધ્યેય રાખીને સફળતા ન મળે તેટલા સુધી મથતા રહેવાનું છે. જીવનની દિશા ઓળખી છે. જીવનની દિશા ઓળખી લેવાશે ત્યારે ઉદાસીનતા હતાશા જેવા ગુણો નાશ થઈ જશે. બસ, ત્યારે માત્ર બાકી રહેશે ધ્યેય, ધારેલું લક્ષ અને જીવનની સફળતા. માણસ પોતાનું જીવન જાણી લે. પોતાનું કાર્યક્ષેત્ર જાણી લે અને પોતાનું લક્ષ જાણી લે ત્યારે ઘણી બધી અટકળોમાંથી મુક્ત થઈ જાય છે. એડવાન્સમાં સુખ માંગવાની માણસની દાનત છે. તેમાંથી બહાર આવીને યોગ્ય મુકામ પર પહોંચવા માટે પોતાની જાત પર વિશ્વાસ પેદા કરવો પડશે. ઉંચા ધ્યેય રાખવાથી ઘણા બધા ફાયદા તથા હોય છે. જીવનનું સ્તર ઘણી રીતે ઉંચું જાય છે. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ શાળા જીવનમાં અભ્યાસ કરતા ત્યારે એક કવિતા ભણેલી તે પોતાના પુસ્તક ઉૈહખ્રર્જ ક હ્વૈટ્ઠ લખી છે. એ કવિતાનો સાર માત્ર આટલો જ છે. 'હે માણસ નબળી ઈચ્છાશક્તિ રાખીશ નહીં. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. બળાપો કાઢીશ નહીં. જીવનમાં ઘણી બધી તકો આવતી રહે છે. ઉત્તમ કામની શરૂઆત હજી થઈ નથી અને શ્રેષ્ઠ કાર્ય હજી પુરું થયું નથી.' અંગ્રેજી કવિતા એટલું કહેવા માંગે છે. બધી હાય-લાય છોડી દે અને તારા જીવનનું કામ કર. નબળી શક્તિને પરસ્ત કરી નાખ અને દુનિયામાં ઢગલાબંધ સારા કામ કરી શકાય તેવા પડ્યા છે. માણસને માત્ર જાગ્રત થવાની જરૂર છે. કોઈ પણ કાર્ય હોય પણ જેટલું આત્મવિશ્વાસથી કામ કરશો તેમાંથી જીવનની કળા શીખવા મળશે. જીવન કળા વર્ગખંડમાં ભણવા મળતી નથી. જીવનની કળા વાસ્તવિકતામાંથી શીખવા મળે છે. 'શૂન્યનું સ્મારક' ગઝલ સંગ્રહમાં શૂન્ય પાલનપુરીની ગઝલની કેટલીક પંક્તિઃ

ઘડીભર જીવન થાક લેવા ચાહે તો
મરણ બની એને ઉતારી ન પાડો
ભવોભવ લગી ચાલનારી સફરમાં
પથિકને ઉતારા વિના ચાલશે ના
જીવનની સફર ઘણી બધી લાંબી છે.

આમ વિચારીએ તો જીવન ઘણું ટૂંકું છે. મુશ્કેલી તો જીવનમાં આવતી રહે છે. ઘણી વખત આવતી મુશ્કેલી જીવન માટે રાહબર બની જતી હોય છે. મુશ્કેલીનો સામનો કરે છે તે માણસ બધું સહન કરી શકે છે. મુશ્કેલી અને જીવન સંઘર્ષમાંથી જીવનનું સર્જન કરી શકાય છે. નિષ્ફળતા મળે તો જીવનમાં થોડો વિસામો લેવો જરૂરી છે. વિસામો લેવો એટલે નિરાંતે બેસવું. નિરાંતે બેસવાથી જીવનની ઘણી બધી સમસ્યા હલ થતી હોય છે. જીવનનું અસલીરૂપ દુઃખ, પીડામાં સમાયેલું છે. કેમ કે દુઃખ, પીડા સહન કરનારો માણસ સુખનો એક ઘૂંટ પીવા મળે તો પણ તે અમૃત કરતા ઘણો મીઠો લાગે છે. ખૈર, કહેવાનો અર્થ એ છે જીવનમાં અજવાળું પાથરવું હોય તો જીવનની વાસ્તવિકતાને ઓળખો. મુશ્કેલી આવે તો પીછેહટ ન કરો. તેનો માત્ર સામનો કરો. મુશ્કેલીનાં મૂળમાં સુખનું સરનામું છે. લિંકને એક વખત કાયદાશાસ્ત્રનાં વિદ્યાર્થીને સલાહ આપ



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



ઘટનામાં એક ભારતીયનું મોત

# ઓમાનના દરિયામાં ૨૧ ક્રૂ મેમ્બર લઈને જતા જહાજ પર ડ્રોન હુમલો

। એજન્સી, તહેરાન, તા.૩ ।

અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર ડ્રોન અને મિસાઈલથી હુમલાઓ કર્યા બાદ મિડલ-ઈસ્ટમાં ભયાનક સ્થિતિ ઉભી થઈ ગઈ છે. ઓમાનના દરિયામાં ૧૬ ભારતીયો સહિત ૨૧ ક્રૂ મેમ્બર લઈને જતા તેલ ટેન્કર પર ડ્રોનથી હુમલો થયા બાદ ભયાનક વિસ્ફોટ થયો છે. ઘટનામાં એક ભારતીયનું મોત અને બાકીના મેમ્બરોને સુરક્ષિત બહાર કાઢી લેવાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે.મીડિયા રિપોર્ટ મુજબ, ઓમાન સમુદ્રમાં મસ્કરથી દરિયાકાંઠેથી ૫૨ નોટિકલ મીલ દૂર માર્શલ દ્વિપના ઝંડાવાળા સ્કાઈ વ્યોમ તેલ ટેન્કર પસાર થઈ રહ્યું છે. આ દરમિયાન અચાનક જહાજ પર બોમ્બથી લેસ ડ્રોનથી હુમલો થયો હતો, જેના કારણે જહાજમાં આગ લાગી ગઈ તેમજ એન્જિન રૂમમાં ભયાનક વિસ્ફોટ થયો હતો. આ જહાજમાં ૧૬ ભારતીયો સહિત ૨૧ ક્રૂ મેમ્બર સવાર હતા. ઘટનામાં એક ભારતીયનું મોત થયું છે, જ્યારે બાકીના મેમ્બરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.આ જહાજ ફારસની ખાડીના સાંકડા રસ્તામાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે સ્ટ્રેટ ઓફ હોર્મુજ પાસે ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. વૈશ્વિક તેલ વેપાર માટે આ રસ્તો ખૂબ જ મહત્ત્વનો છે. ઓમાન મેરીટાઈમ સિક્યોરિટી સેન્ટરે કહ્યું કે, જહાજ પરના ટેન્કરમાં લગભગ ૫૯,૪૬૩ મેટ્રિક કાર્ગો હતો. મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે આ હુમલો થયો હોવાનું મનાય છે.

## યુદ્ધના કારણે કરોડો લોકો સંકટમાં : રાહુલ ગાંધી

# 'શું તમે રાષ્ટ્રાધ્યક્ષની હત્યાના સમર્થનમાં છો?' રાહુલ ગાંધીનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સવાલ

**રાહુલ ગાંધીએ આ યુદ્ધને અસ્થિર ક્ષેત્રને મોટાપાયે સંઘર્ષ તરફ ધકેલનારું ગણાવ્યું । તેમણે મોદી સરકાર સમક્ષ નૈતિક સ્પષ્ટતા આપવા માંગ કરી । સંપ્રભુતાનું ઉલ્લંઘન કરનારા હુમલાના કારણે સંકટ વધુ ગંભીર બનાવી દેશે**

। એજન્સી, નવી દિલ્હી, તા.૩ ।

અમેરિકા-ઈઝરાયલના ઈરાન પર હુમલા મામલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભારતની વિદેશ નીતિ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચુપકીદી પર સવાલ ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ આ યુદ્ધને અસ્થિર ક્ષેત્રને મોટાપાયે સંઘર્ષ તરફ ધકેલનારું ગણાવ્યું છે. તેમણે મોદી સરકાર સમક્ષ નૈતિક સ્પષ્ટતા આપવા માંગ કરી છે.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધવાથી નબળું મિડલ ઈસ્ટ સંઘર્ષ તરફ આગળ વધી રહ્યું છે. એક કરોડ ભારતીયો સહિત કરોડો લોકો સંકટનો સામનો કરી રહ્યા છે. સુરક્ષા સંબંધિત ચિંતાઓ થતી તે વાસ્તવિક છે, પરંતુ સંપ્રભુતાનું ઉલ્લંઘન કરનારા હુમલાના કારણે સંકટ વધુ ગંભીર બનાવી દેશે.'



કોંગ્રેસ સાંસદો કહ્યું કે, 'ઈરાન પર એકતરફી હુમલા અને ઈરાન દ્વારા અન્ય મધ્ય પૂર્વ દેશો પર કરાયેલા હુમલાની ટીકા કરવી જોઈએ. હિંસાથી હિંસા જન્મે છે, સંવાદ અને સંયમ જ શાંતિ જાળવવા માટેનો એક માત્ર રસ્તો છે. આ મામલે ભારતે નૈતિકતા દાખવી સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ. આંતરરાષ્ટ્રીય કાયદો અને માનવ જીવનની રક્ષા કરવા માટે આપણામાં ખુલીને બોલવાનું સાહસ હોવું જોઈએ.'

રાહુલ ગાંધીએ યુદ્ધ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, 'આપણી વિદેશ નીતિ સાર્વભૌમત્વ અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ પર આધારિત છે અને તેમાં સુસંગતતા જળવાવી જોઈએ. વડાપ્રધાન મોદીએ આ બાબતે બોલવું જોઈએ. શું તેઓ વિશ્વ વ્યવસ્થાને વ્યાખ્યાયિત કરવાના એક માર્ગ તરીકે કોઈ રાષ્ટ્રાધ્યક્ષની હત્યાનું સમર્થન કરે છે? હવે આ ચુપકીદી વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠાને ઓછી કરી રહી છે.'

આ પહેલા કોંગ્રેસે ઈરાનની ધરતી પર બોંબમારો અને હત્યાઓની નિંદા કરી છે અને ક્ષેત્રીય તેમજ વૈશ્વિક સ્થિરતા માટે તેને ખતરનાક ગણાવી છે. કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષા સોનિયા ગાંધીએ કહ્યું કે, 'ભારતની વિદેશ નીતિ ઐતિહાસિક રીતે સાર્વભૌમત્વ સમાનતા, હસ્તક્ષેપ અને શાંતિપૂર્ણ સમાધાન જેવા સિદ્ધાંતો પર આધારિત રહી છે. વર્તમાન સરકારની ચુપકીદી આ સિદ્ધાંતોથી તદન જુદી જ દેખાઈ રહી છે. આવી રીતે મૌન રહેવું તટસ્થતા નહીં, પરંતુ જવાબદારીથી પીછેહઠ છે. આના કારણે ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વનિયતા પર ગંભીર સવાલો ઉભા થાય છે.'

## મહારાષ્ટ્રના પાલઘરની કેમિકલ કંપનીમાં ઝેરી ગેસ લીક થતા ફફડાટ, સ્થાનિકો ભાગતા નજરે પડ્યા

। એજન્સી, પાલઘર, તા.૩ ।

મહારાષ્ટ્રના પાલઘરમાં MIDCમાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાંથી સોમવારે(૨ માર્ચ) બપોરે અચાનક 'ઓલિયમ' (ફ્યુમિંગ સલ્ફ્યુરિક એસિડ) ગેસ લીક થવાની ઘટના બની હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. મળતી માહિતી અનુસાર, અંદાજિત ૧ કિલોમીટર સુધી ગેસની અસર અનુભવાઈ હતી, જોકે રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.MIDC વિસ્તારમાં બનેલી ઘટના આ ઝેરી ગેસ ગળતર MIDC D-ઝોન વિસ્તારમાં આવેલી 'ભગેરીયા કેમિકલ્સ કંપની' (જે અગાઉ ઝેનિથ કેમિકલ્સ તરીકે ઓળખાતી હતી) માં થયું હતું. ગેસ લીક થવાની જાણ થતા જ જિલ્લા વહીવટી તંત્ર અને ઈમરજન્સી સેવાઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.વહીવટી તંત્રની કાર્યવાહી જિલ્લા કલેક્ટર અને જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના વડા ડો. ઈન્દુ રાની જાખરના જણાવ્યા અનુસાર, આ ઘટના બપોરે ૨વાગ્યાની આસપાસ બની હતી. આ કંપની સાલવડ અને પાસ્થલ ગામોની નજીક આવેલી છે. ગેસ લીક થયા બાદ તકેદારીના તમામ પગલાં લેવામાં આવ્યા છે જેથી સ્થાનિક રહેવાસીઓને કોઈ નુકસાન ન થાય.

## બંગાળના દિગ્ગજ નેતા અને પૂર્વ રેલવે મંત્રી મુકુલ રોયનું નિધન

। એજન્સી, પશ્ચિમ બંગાળ, તા.૩ ।

પશ્ચિમ બંગાળના રાજકારણમાં જેમની ગણતરી 'ચાણક્ય' તરીકે થતી હતી, તેવા કદાવર નેતા અને પૂર્વ કેન્દ્રીય રેલવે મંત્રી મુકુલ રોયનું નિધન થયું છે. પક્ષ પલટા અને સંગઠન શક્તિના જોરે બંગાળની સત્તાના સમીકરણો બદલવામાં તેઓ નિષ્ણાત માનવામાં આવતા હતા.તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના સ્થાપક સભ્યોમાંના એક અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મુકુલ રોયનું કોલકાતાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. ૭૧ વર્ષીય રોય લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી પીડાઈ રહ્યા હતા. તેમના પુત્ર શુભ્રાંશુ રોયે પુષ્ટિ કરી છે કે રાત્રે અંદાજે ૧:૩૦ વાગ્યે અચાનક કાર્ડિયાક અરેસ્ટ આવતા તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મુકુલ રોયે પોતાના રાજકીય કરિયરની શરૂઆત યુથ કોંગ્રેસથી કરી હતી, પરંતુ મમતા બેનર્જી સાથે મળીને ટીએમસીની સ્થાપના કર્યા બાદ તેઓ રાષ્ટ્રીય ફલક પર ચમક્યા હતા.મુકુલ રોય લાંબા સમય સુધી મમતા બેનર્જીના 'જમણા હાથ' સમાન રહ્યા હતા. વર્ષ ૨૦૦૬ માં તેઓ રાજ્યસભામાં પહોંચ્યા અને ત્યારબાદ કેન્દ્રમાં રેલ મંત્રી જેવી મહત્વની જવાબદારી સંભાળી. બંગાળમાં જ્યારે વર્ષ ૨૦૧૧ માં તાલિબાનના શાસનનો અંત આવ્યો અને ટીએમસી સત્તામાં આવી.

## રાજ્યસભાની ચૂંટણી મામલે કોંગ્રેસ હવે સક્રિય થઈ

# રાજ્યસભા ચૂંટણીમાં પેચ ફસાયો : ખડગેની ખુરશી બચાવવા કોંગ્રેસની ઠાકરેને 'એક્સ્ચેન્જ ઓફર'

**રાજ્યસભાના નિયમો મુજબ, વિરોધ પક્ષના નેતાનું પદ જાળવી રાખવા માટે કોઈપણ પક્ષ પાસે ગૃહની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા ૧૦% એટલે કે ૨૫ સભ્યો હોવા ફરજિયાત**

। એજન્સી, નવી દિલ્હી, તા.૩ ।

મહારાષ્ટ્રની રાજનીતિમાં રાજ્યસભાની ખાલી પડનારી એક બેઠકને લઈને મહાવિકાસ આઘાડીમાં હલચલ તેજ થઈ છે. રાજ્યસભાની ચૂંટણી મામલે કોંગ્રેસ હવે સક્રિય થઈ ચૂકી છે. અનેક સોગઠાંઓ ગોઠવી રહી છે. ખાસ કરીને મહારાષ્ટ્ર માટે આ પ્રતિષ્ઠાનો જંગ બની છે. મહારાષ્ટ્રમાં રાજ્યસભાની એક ખાલી થઈ રહેલી બેઠક પર કોંગ્રેસે પોતાનો દાવો રજૂ કર્યો છે અને ઉદ્ધવ ઠાકરે પાસે સમર્થન માંગ્યું છે. આ માત્ર એક બેઠકની લડાઈ નથી, પરંતુ રાજ્યસભામાં કોંગ્રેસના 'વિરોધ પક્ષના નેતા'નું પદ બચાવવાની રાજકીય અને ટેકનિકલ મજબૂરી પણ છે.



રાજ્યસભાના નિયમો મુજબ, વિરોધ પક્ષના નેતાનું પદ જાળવી રાખવા માટે કોઈપણ પક્ષ પાસે ગૃહની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા ૧૦% એટલે કે ૨૫ સભ્યો હોવા ફરજિયાત છે.કોંગ્રેસ માટે ચિંતાજનક બાબત છે કે, આ વર્ષે રાજ્યસભાની ૭૨ બેઠકો પર યોજાનારી ચૂંટણીઓ પછી કોંગ્રેસની સંખ્યા ૨૫થી નીચે જવાનો ભય છે. ખાસ કરીને જૂન મહિનામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. જો કોંગ્રેસ પૂરતી બેઠકો જીતી ન શકે, તો તે ગૃહમાં વિરોધ પક્ષના નેતાનો સત્તાવાર દરજ્જો ગુમાવી શકે છે.

મહારાષ્ટ્રમાંથી કોંગ્રેસના સાંસદ રજની પાટીલનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. આ ઉપરાંત અભિષેક મનુ સિંઘવી, ફૂલોદેવી નેતામ અને કે. ટી. એસ. તુલસી જેવા દિગ્ગજોનો કાર્યકાળ પણ આ વર્ષે પૂર્ણ થાય છે. આવી સ્થિતિમાં, મહારાષ્ટ્રની આ બેઠક કોંગ્રેસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નીથલાએ ઉદ્ધવ ઠાકરે સાથે ફોન પર વાત કરી એક મોટો પ્રસ્તાવ મૂક્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે, જો ઉદ્ધવ ઠાકરે આ રાજ્યસભા બેઠક કોંગ્રેસને આપે, તો બદલામાં વિધાન પરિષદની ખાલી પડનારી બેઠક કોંગ્રેસ તેમને આપવા તૈયાર છે. ચેન્નીથલાનો તર્ક છે કે, આનાથી રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા ગઠબંધન મજબૂત થશે અને મલ્લિકાર્જુન ખડગેનું પદ સુરક્ષિત રહેશે.

જો કોંગ્રેસ આ તબક્કાઓમાં પોતાની સંખ્યા ૨૫થી ઉપર જાળવી રાખવામાં નિષ્ફળ રહેશે, તો ટેકનિકલ રીતે તેને મોટો ફટકો પડશે. હવે સૌની નજર શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે પર છે કે તેઓ કોંગ્રેસની આ કટોકટીમાં સાથ આપે છે કે પછી ગઠબંધનમાં નવા વિવાદો સર્જાય છે.

## યુદ્ધમાં પણ અલ્ગોરિધમ-મશીલ લર્નિંગની મહત્ત્વની ભૂમિકા

# ઇરાન સામેના યુદ્ધમાં ઇઝરાયેલ-અમેરિકાએ એઆઈનો ઉપયોગ કર્યો

। એજન્સી, નવી દિલ્હી, તા.૩ ।

અમેરિકા અને ઈઝરાયેલ સતત ઈરાન પર હુમલો કરી રહ્યા છે. તેના જવાબમાં ઈરાને પણ અમેરિકન સ્થળો અને ઈઝરાયેલના શહેરો પર મિસાઈલ ફેકી છે. તાજેતરના હુમલામાં ઈરાનના મહત્ત્વના પરમાણુ મથકોને લક્ષ્યાંક બનાવવામાં આવ્યા હોવાના પણ સમાચાર છે. તેનાથી આખા પશ્ચિમ એશિયામાં તનાવ ચરમસીમા પર પહોંચી ગયો છે. હાલમાં સ્થિતિ એવી છે કે દરેક નવા હુમલા પછી ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગવા લાગે છે. જો કે આ વખતે યુદ્ધ ફક્ત આકાશમાં જ લડતાં ફાઈટર જેટ કે જમીન પર પડતા મિસાઈલો પૂરતું સીમિત નથી. આ વખતે ચર્ચા વધુ એક બાબતની છે અને તે છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની. અહેવાલ મુજબ તાજેતરના હુમલા પહેલાં અમેરિકન લશ્કરે મોટાપાયા પર એઆઈ ટૂલ્સનો ઉપયોગ ડેટા એનાલિસિસ અને ઓપરેશન પ્લાનિંગમાં કર્યો. સેટેલાઈટ તસ્વીરો, ડ્રોન ફૂટેજ, સિગ્નલ ઈન્ટેલિજન્સ અને જમીની રિપોર્ટ જેવા ભારે ભરખમ ડેટા માનવીને સમજવો અઘરો હોય છે, પરંતુ એઆઈ ગણતરીની મિનિટોમાં પેટર્ન પકડી લે છે અને સંભવિત ટાર્ગેટની યાદી પણ તૈયાર કરી આપે છે.આ અહેવાલમાં એન્થ્રોપિકના ક્લાઉડ જેવા મોડેલનું નામ આવ્યું છે. તેનો ઉપયોગ શસ્ત્રો ચલાવવા નહીં પરંતુ વિશ્લેષણ કરવા અને રણનીતિ બનાવવા કરવામાં આવ્યો. આ બતાવે છે કે ફક્ત વેપારમાં જ નહીં યુદ્ધમાં પણ અલ્ગોરિધમની ભૂમિકા વધી ચૂકી છે. જો કે અંતિમ નિર્ણય હજી પણ માનવી લે છે, પરંતુ નિર્ણય લેતા પહેલાં મશીનોની સલાહ લેવામાં આવી રહી છે.આ દરમિયાન એક નવા અભ્યાસે ચિંતા વધારી છે. જુદાં-જુદાં એઆઈ મોડેલ્સને જ્યારે વોર સિમ્યુલેશન્સમાં નાખવામાં આવ્યા અને તેમને ન્યુક્લિયર કોડ જેવી કાલ્પનિક તાકાત આપવામાં આવી તો આ મોડેલોએ મોટી સંખ્યામાં યુદ્ધ વધે તેવા જ વિકલ્પો પસંદ કર્યા. કેટલાક સિમ્યુલેશનમાં તો એઆઈએ પરંપરાગત શસ્ત્રોના બદલે ન્યુક્લિયર ઓપ્શનને યોગ્ય ઠેરવ્યો.નિષ્ણાતોનું કહેવું છે કે માનવીમાં પરમાણુ શસ્ત્રોના ઉપયોગને લઈને નૈતિકતા હોય છે, તે મશીનમાં સ્વાભાવિક રીતે હોતી નથી.

## ન્યૂઝ બ્રિફ



### ૧૩ વર્ષના માસૂમે ફાંસો ખાધો, સ્કૂલ પ્રિન્સિપાલે ફરિયાદ કરતાં માતાએ ઠપકો આપ્યો હતો

। એજન્સી, થાણે, તા.૩ ।

મહારાષ્ટ્રના થાણેમાં એક દર્દનાક ઘટના સામે આવી છે. વાગલે એસ્ટેટ ક્ષેત્રમાં રહેવાવાળા ૧૩ વર્ષના વિદ્યાર્થીએ કથિત રીતે આત્મહત્યા કરી લીધી છે. ઘટના શુક્રવાર રાતની હોવાનું ખૂલ્યું છે. પોલીસ મુજબ, વિદ્યાર્થી ઘરના ત્રીજા માળે સ્થિત એક રૂમમાં પંખાથી લટેકલી હાલતમાં મળ્યો, પરિવારજનો તાત્કાલિક તેને એક ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાંથી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો પણ હાજર ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો. મૃતકની ઓળખ રુદ્ર રાકેશ સિંહના રૂપે થઈ છે. તે મુંબઈના મુલુંડ વિસ્તારમાં આવેલી એક શાળામાં અભ્યાસ કરતો હતો. પોલીસ અધિકારી જણાવ્યું કે, હાલમાં જ શાળાના આચાર્યએ રુદ્રના તોફાનીપણાની જાણ કરવા વાલીને બોલાવ્યા હતા. શાળામાંથી જાણવા મળ્યું છે કે સાથી વિદ્યાર્થીઓ સાથે તે સતત મજાક અને ફ્રેન્ક કરતો હતો, જે તેની આદત બની જતાં આચાર્ય નારાજ હતા. ઘટના સમયે રુદ્રના પિતા શહેરથી બહાર હતા, તે માટે આચાર્ય પાસે તેની માતા ગઈ હતી. માતાએ ઘરે આવીને દીકરા રુદ્રને મીઠો ઠપકો આપ્યો અને તેના શાળામાં વ્યવહાર અંગે નારાજગી દર્શાવી. સાથે જ કહ્યું કે તારા પિતાને જાણકારી આપી દીધી છે. જે બાદ આશંકા છે કે પરિવારજનો અને ખાસ કરીને પિતાના ઠપકાના ડરથી વિદ્યાર્થીએ અંતિમ પગલું ભરી લીધું. શ્રીનગર પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે પ્રાથમિક તપાસ બાદ સ્પષ્ટ કર્યું છે કે હાલ સુધીમાં કોઈ પ્રકારનું કાવતરું કે બાહ્ય દબાણના કોઈ સંકેતો મળ્યા નથી, પરંતુ દરેક પાસાની તપાસ ગહન રીતે ચાલુ છે.

### ખામેનેઇના મૃત્યુને પગલે ભારતમાં કાશ્મીર સહિતના સ્થળે વિરોધ પ્રદર્શન

। એજન્સી, શ્રીનગર, તા.૩ ।

ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈના મોતને પગલે સમગ્ર વિશ્વમાં શિયા મુસ્લિમોમાં દુઃખની લાગણી ફેલાઈ ગઈ છે, જેની અસર ભારતમાં પણ જોવા મળી છે. ભારતમાં કાશ્મીરથી કર્ણાટક સુધી શિયા મુસ્લિમો દ્વારા ધરણા પ્રદર્શન યોજાયા હતા. ઉત્તર પ્રદેશના લખનઉમાં પણ લોકો રસ્તા પર ઉતર્યા હતા. કાશ્મીરમાં ૧૫ લાખથી વધુ શિયા મુસ્લિમો છે જેને પગલે અહીંના લાલ ચોક, સૈદા કાદલ, બડગામ, બંદીપોરા, અનંતનાગ, પુલવામા વિસ્તારમાં મોટી સંખ્યામાં શિયા મુસ્લિમો એકઠા થયા હતા. છાતી કૂટતા અને અમેરિકા વિરોધી સુત્રોચ્ચાર કરતા અનેક લોકો જોવા મળ્યા હતા. જમ્મુ કાશ્મીરના મુખ્ય મંત્રી ઓમર અબ્દુલ્લાહએ પણ ખામેનેઈના મોત પર દુઃખ વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. દેશના અન્ય વિસ્તારોમાં પણ મુસ્લિમ સંગઠનોએ ખામેનેઈને શ્રદ્ધાંજલિ આપવાના વિવિધ કાર્યક્રમો જાહેર કર્યા હતા. ઓલ ઈન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડના જનરલ સેક્રેટરી મૌલાના યાકૂબ અબ્બાસે કહ્યું હતું કે સોમવારે વિરોધ પ્રદર્શન કરીશું અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુના પુતળાનું દહન કરીશું.

## આસામ રાઇફલ્સ દ્વારા ૧૧.૮૫ કરોડના ડ્રગ્સ સાથે ચારની ધરપકડ

। એજન્સી, કોલકાતા, તા.૩ ।

આસામ રાઈફલ્સના જવાનોએ મિઝોરમના લોંગટલાઈ જિલ્લામાં આશરે ૧૧.૮૫ કરોડ રૂપિયાની પ્રતિબંધિત મેથામ્ફેટામાઈન ગોળીઓ જપ્ત કરવા સાથે ત્રણ મ્યાનમાર નાગરિક સહિત ચાર લોકોની ધરપકડ કરી છે.ચાર વ્યક્તિઓ શુક્રવારે બોટમાં કોલાડાઈન નદી પાર કરીને પ્રતિબંધિત ગોળીઓ સાથે ભારતમા પ્રવેશ્યા બાદ તેઓની ધરપકડ સાથે માલની જપ્તી કરી હતી. બાતમીના આધારે કાકીચુહા ગામમાં એક ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી હતી, જ્યાં ત્રણ મ્યાનમારના અને એક ભારતીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

## મિડલ ઈસ્ટ યુદ્ધમાં ઈઝરાયલનો ડબલ એટેક! ઈરાન અને લેબેનોનમાં હાહાકાર

। એજન્સી, તહેરાન, તા.૩ ।

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ હવે ભયાનક વળાંક લઈ રહ્યું છે. ઈઝરાયલ અને અમેરિકાના હુમલા બાદ હવે ઈરાન સાથે સીધી જંગ શરૂ થઈ ગઈ છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સીસએ સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે તેમની વાયુસેનાએ ઈરાનની રાજધાની તેહરાન અને લેબેનોનની રાજધાની બૈરુત પર એકસાથે મોટા પાયે હુમલા શરૂ કર્યા છે. ઢ્ઢ એ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, આ ઓપરેશન ઈરાની શાસન અને હિઝબુલ્લાહ આતંકી સંગઠનના સૈન્ય ઠેકાણાઓ તેમજ કમાન્ડ સેન્ટરોને નષ્ટ કરવા માટે કરવામાં આવી રહ્યું છે.અહેવાલો અનુસાર, તેહરાન પર કરવામાં આવેલી એર સ્ટ્રાઈકમાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના ૫ સભ્યો માર્યા ગયા છે. ઈઝરાયલની આ વ્યૂહનીતિ હેઠળ બૈરુતના દક્ષિણી વિસ્તારો અને ડઝનબંધ ગામોમાં લોકોને પહેલાથી જ વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. નેતન્યાહૂ સરકારના આ આક્રમક વલણને કારણે સમગ્ર મધ્ય-પૂર્વમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે અને ગમે ત્યારે મોટું યુદ્ધ થઈ શકે છે. બગડતી સુરક્ષા સ્થિતિને જોતા અમેરિકાએ પણ સતર્કતા વધારી દીધી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા બહેરીન, ઈરાક અને જોર્ડન સ્થિત પોતાની પોસ્ટ પરથી બિન-જરૂરી સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક હટી જવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના આ સંઘર્ષની અસર હવે પડોશી દેશો પર પણ જોવા મળી રહી છે.

**ગલ્ફ દેશો પર ઇરાને હુમલા વધાર્યા** | **યુએઈમાં સૌથી વધારે ૪૩ લાખ, સાઉદીમાં ૨૭ લાખ જ્યારે કુવૈત અને કતારમાં ૨૦ લાખ ભારતીયો**

# મધ્ય પૂર્વમાં યુદ્ધ વકરતાં એક કરોડ જેટલા ભારતીયો જોખમમાં

। એજન્સી, તેહરાન, તા.૩ ।

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા કરવામાં આવ્યા તે બાદ ઈરાન દ્વારા અનેક વળતા હુમલા થયા છે. અમેરિકાને મદદ કરનારા આસપાસના એવા દેશોને પણ ઈરાન નિશાન બનાવી રહ્યું છે કે જ્યાં મોટી સંખ્યામાં ભારતીયો છે. યુએઈમાં જ ૩૫ લાખ ભારતીયો છે, જ્યારે સાઉદીમાં ૨૭ લાખ, કુવૈતમાં ૧૦ લાખ, કતારમાં ૮ લાખ, ઓમાનમાં ૬૬૦,૦૦૦ ભારતીય છે. હાલ આ યુદ્ધ વચ્ચે આશરે એક કરોડ ભારતીયો ભયજનક સ્થિતિમાં છે. યુએઈમાં કુલ વસતીના ૩૫ ટકા ભારતીયો છે, ઈરાન દ્વારા હાલ યુએઈ પર અનેક મિસાઈલો અને ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે. એવામાં ભારતીયોનો જીવ પણ જોખમમાં મુકાયો છે. આ પરિસ્થિતિ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે વાતચીત કરી હતી અને ખાડી દેશો પર થયેલા હુમલાની ટિકા કરી હતી. ભારતીયોની સુરક્ષા કરવા બદલ મોદીએ યુએઈના રાષ્ટ્રપતિનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. ગલ્ફ દેશોમાં મોટી સંખ્યામાં ભારતીયો રોજગારી માટે પણ ગયા છે. જ્યારે કેટલાક પર્યટન સ્થળોએ ફરવા માટે ગયા છે.

ઈરાને આસપાસના નાના મોટા સહિત આશરે ૧૦થી વધુ દેશો પર હુમલા કરીને અમેરિકાના એરબેઝ કે સૈન્ય મથકોને નિશાન બનાવ્યા છે, જ્યારે દુબઇ જેવા પર્યટન સ્થળ પર પણ ઈરાનની મિસાઈલો ત્રાટકી હતી. એવામાં ભારતીયોનો જીવ જોખમમાં તો મુકાયો છે જો આ ઘર્ષણ લાંબા સમય સુધી ચાલ્યું તો જે ભારતીયો રોજગારી માટે ગલ્ફ દેશોમાં રહે છે તેમની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ શકે છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ, ઈઝરાયેલના વિદેશમંત્રી ગિડેઓન સાર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને ભારતીયો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.



અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા કરવામાં આવ્યા તે બાદ ઈરાન દ્વારા અનેક વળતા હુમલા થયા છે. અમેરિકાને મદદ કરનારા આસપાસના એવા દેશોને પણ ઈરાન નિશાન બનાવી રહ્યું છે કે જ્યાં મોટી સંખ્યામાં ભારતીયો છે. યુએઈમાં જ ૩૫ લાખ ભારતીયો છે, જ્યારે સાઉદીમાં ૨૭ લાખ, કુવૈતમાં ૧૦ લાખ, કતારમાં ૮ લાખ, ઓમાનમાં ૬૬૦,૦૦૦ ભારતીય છે. હાલ આ યુદ્ધ વચ્ચે આશરે એક કરોડ ભારતીયો ભયજનક સ્થિતિમાં છે. યુએઈમાં કુલ વસતીના ૩૫ ટકા ભારતીયો છે, ઈરાન દ્વારા હાલ યુએઈ પર અનેક મિસાઈલો અને ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે.

# મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે પાકિસ્તાન બોર્ડર પર તણાવ! અફઘાનિસ્તાનનો ફરી પ્રચંડ પ્રહાર







કાબૂલ : અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલો તણાવ હવે યુદ્ધ જેવી સ્થિતિમાં ફેરવાઈ ગયો છે. અફઘાનિસ્તાનની તાલિબાન સેનાએ પાકિસ્તાનને વધુ એક મોટો ઝટકો આપતા ડૂરન્ડ લાઈન પાસે આવેલી પાકિસ્તાની મિલિટ્રીની ૮ સુરક્ષા ચોકીઓ પર કબજો જમાવી લીધો છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયના ડેપ્યુટી સ્પોક્સ પર્સન સેદિકુલ્લાહ નુસરતના જણાવ્યા અનુસાર, 'કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક અને શોરાબક જિલ્લામાં પાકિસ્તાની પોસ્ટ પર કબજો કરવામાં આવ્યો છે, જેમાં કંધારમાં ૫, ખોસ્તમાં ૨ અને ઝાબુલમાં ૧ પોસ્ટનો સમાવેશ થાય છે.આ બંને દેશો વચ્ચે સ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે અફઘાન તાલિબાન સેનાએ રાવલપિંડીમાં આવેલા 'નૂર ખાન એર બેઝ' પર પાકિસ્તાનના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવીને હથિયારોથી સજ્જ ડ્રોન હુમલા કર્યા. નોંધનીય છે કે આ એર બેઝ પર મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી લડાઈ બાદ હજુ રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું, જે હવે આ નવા હુમલાને કારણે વધુ જોખમમાં મૂકાયું છે. આ ઉપરાંત, અફઘાનિસ્તાનની એરફોર્સે ક્વેટામાં ૧૨મી ડિવિઝન હેડક્વાર્ટર અને ખૈબર પખ્તુનખ્વાના મોહમંદ એજન્સીમાં ખ્વાજાઈ કેમ્પ સહિત અનેક મહત્ત્વના પાકિસ્તાની સૈન્ય મથકો પર હવાઈ ઓપરેશન હાથ ધર્યુ હોવાનો દાવો કર્યો છે.સીમા પર ચાલી રહેલી આ દુશ્મની વચ્ચે તાલિબાન અધિકારીઓએ દાવો કર્યો છે કે પૂર્વ અફઘાન શહેર જલાલાબાદમાં એક પાકિસ્તાની ફાઈટર જેટને તોડી પાડવામાં આવ્યું છે.

## કરીના કપૂરની દાયરા ફિલ્મમાં એક પણ ગીત નહિ હોય



। એજન્સી, મુંબઇ, તા.૩ ।

કરીના કપૂર અને પૃથ્વીરાજ સુકુમારનની આગામી ફિલ્મ 'દાયરા'માં એક પણ ગીત નહિ હોય. ફિલ્મની સર્જક મેઘના ગુલઝારે જણાવ્યું છે કે ફિલ્મની વાર્તા જે પ્રકારની છે તેમાં કોઈ ગીતને અવકાશ જ નથી. તેણે કહ્યું હતું કે ફિલ્મમાં ગીત અપ્રાસંગિક તથા કથા પ્રવાહને અવરોધશે તેમ લાગતાં કોઈપણ ગીત રાખવામાં આવ્યું નથી. ગીતકાર ગુલઝારની દીકરી હોવા છતાં પણ મેઘનાએ ફિલ્મમાં બિનજરૂરી ગીતો નહિ રાખવાનો મક્કમ નિર્ણય કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ હૈદરાબાદના એક રેપ કેસ પર આધારિત છે. મેઘનાની આ પહેલાંની તમામ છ ફિલ્મોનાં ગીતો તેના પિતા ગુલઝારે જ લખ્યાં છે. જોકે, 'દાયરા'માં તેણે પિતાને કોઈ ગીત નહિ આપવા જણાવી દીધું હતું. આ ફિલ્મમાં અગાઉ આયુષમાન ખુરાના કામ કરવાનો હતો. પરંતુ, તેને પોતાના રોલમાં દમ નહિ લાગતાં તેણે આ ફિલ્મ છોડી દીધી હતી. બાદમાં તેની જગ્યાએ પૃથ્વીરાજ સુકુમારન ગોઠવાયો હતો. ફિલ્મ તેનાં મૂળ શિડયૂલ કરતાં મોડી શરુ થઈ હતી અને હવે આ વર્ષમાં રીલિઝ થાય તેવી ધારણા છે. કરીના કપૂર અને પૃથ્વીરાજ સુકુમારનની આગામી ફિલ્મ 'દાયરા'માં એક પણ ગીત નહિ હોય.

### અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હવે ચરમસીમાએ પહોંચ્યું

## 'જહાજોમાં આગ લગાવી દઈશું'। ઈરાનની ખુલ્લી ધમકીથી ભારત સહિત અનેક દેશોની ચિંતા વધી

**ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ્સએ ચેતવણી આપી છે કે જો કોઈ પણ જહાજ આ માર્ગ પરથી પસાર થવાનો પ્રયત્ન કરશે, તો તેને આગ લગાવી દેવામાં આવશે**

। એજન્સી, તહેરાન, તા.૩।

અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હવે ચરમસીમાએ પહોંચ્યું છે. ઈરાને વિશ્વના સૌથી મહત્ત્વના દરિયાઈ માર્ગ પૈકીના એક એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'(હોર્મુઝ સામુદ્રધુની)ને બંધ કરી દીધો છે. ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ્સએ ચેતવણી આપી છે કે જો કોઈ પણ જહાજ આ માર્ગ પરથી પસાર થવાનો પ્રયત્ન કરશે, તો તેને આગ લગાવી દેવામાં આવશે. ઈરાને સ્પષ્ટ કર્યુ છે કે તે હવે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવા તૈયાર નથી, જ્યારે બીજી તરફ અમેરિકન પ્રમુખ અને તેમનું વહીવટીતંત્ર સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.હોર્મુઝ સ્ટ્રેટ એ ફારસની ખાડીને અરબ સાગર સાથે જોડતો એક અત્યંત સાંકડો દરિયાઈ માર્ગ છે. વિશ્વના કુલ તેલ વપરાશનો અંદાજે ૨૦% હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત, યુએઈ અને કતાર જેવા મુખ્ય ઊર્જા ઉત્પાદક દેશો પોતાના નિકાસ માટે આ જ રસ્તા પર નિર્ભર છે. આ માર્ગ બંધ થવાને કારણે વૈશ્વિક અર્થતંત્ર થંભી શકે છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે.



ભારત માટે આ સમાચાર અત્યંત ચિંતાજનક છે, કારણ કે ભારત પોતાની જરૂરિયાતનું ૮૦%થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે અને તેનો મોટો હિસ્સો ખાડી દેશોમાંથી હોર્મુઝના માર્ગે જ આવે છે. જો આ પુરવઠો ખોરવાય, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી શકે છે, જેના કારણે મોંઘવારી વધવાની પૂરેપૂરી શક્યતા છે. આ ઉપરાંત, આયાત ખર્ચ વધવાને કારણે ભારતની ચાલુ ખાતાની ખાધ પર પણ વિપરીત અસર પડશે.

વર્તમાન સંજોગોમાં ભારત માટે સાઉદી અરેબિયા, ઈરાન અને યુએઈ સાથેના સંબંધો જાળવી રાખવા એ એક મોટી વ્યૂહનીતિનો ભાગ છે. ઈરાનના કમાન્ડર ઈબ્રાહિમ જબારીએ આપેલી આ ધમકી બાદ દરિયાઈ સુરક્ષા જોખમમાં મૂકાઈ છે. જો આ તણાવ લાંબો સમય ચાલશે, તો તેની અસર માત્ર ઊર્જા ક્ષેત્રે જ નહીં, પણ વૈશ્વિક શેરબજારો અને પરિવહન ખર્ચ પર પણ જોવા મળશે. ખાસ કરીને ઈઝરાયલ અને અમેરિકાની આગામી ચાલ પર સમગ્ર વિશ્વની મીટ મંડાણી છે.અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હવે ચરમસીમાએ પહોંચ્યું છે. ઈરાને વિશ્વના સૌથી મહત્ત્વના દરિયાઈ માર્ગ પૈકીના એક એવા 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'(હોર્મુઝ સામુદ્રધુની)ને બંધ કરી દીધો છે.

**મહત્તમ ૧૫% ટેરિફ માત્ર ૧૫૦ દિવસ માટે જ લાગુ**

## ટ્રમ્પની ટેરિફ વસૂલી પર લાગશે બ્રેક, યુએસ સુપ્રીમ કોર્ટે ગણાવ્યો હતો ગેરકાયદે

**અદાલતના આ ચુકાદા બાદ અમેરિકા હવે મંગળવારથી વધારાના ટેરિફની વસૂલાત રોકવા જઈ રહ્યું છે**

। એજન્સી, વૉશિંગ્ટન, તા. ૩ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી મહત્ત્વાકાંક્ષી 'રેસિપ્રોકલ ટૅરિફ' પ્લાનને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ગેરકાનૂની જાહેર કરતાં વૈશ્વિક વ્યાપાર જગતમાં મોટી હલચલ મચી ગઈ છે. અદાલતના આ ચુકાદા બાદ અમેરિકા હવે મંગળવારથી વધારાના ટૅરિફની વસૂલાત રોકવા જઈ રહ્યું છે. અમેરિકન સીમા શુલ્ક અને સીમા સુરક્ષા વિભાગે જાહેરાત કરી છે કે, ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર એક્ટ હેઠળ લેવામાં આવતો ટૅરિફ મંગળવારે રાત્રે ૧૨:૦૧ વાગ્યાથી બંધ કરી દેવામાં આવશે. આ નિર્ણયથી આયાતકારોને મોટી રાહત મળશે, કારણ કે તેમના કાર્ગો સિસ્ટમમાં રહેલા ડ્યુટી કોડ હવે ડીએક્ટીવ કરી દેવાશે.સુપ્રીમ કોર્ટે ૬-૩ના બહુમતી ફેંસલામાં સ્પષ્ટ કર્યુ છે કે ડોનાલ્ડ ટ્રમ્પે આઈઈઈપીએનો હવાલો આપીને વ્યાપક ટૅરિફ લાદીને પોતાના અધિકારોનું ઉલ્લંઘન કર્યુ છે. જોકે, આ આદેશ માત્ર આઈઈઈપીએ હેઠળ લાદવામાં આવેલા ટૅરિફ પર જ લાગુ થશે, જ્યારે રાષ્ટ્રીય સુરક્ષા(કલમ ૨૩૨) અને અનુચિત વ્યાપાર કાયદા(કલમ ૩૦૧) હેઠળ લાદવામાં આવેલા અન્ય ટૅરિફ યથાવત્ રહેશે. કોર્ટના આ નિર્ણયથી ટ્રમ્પના વ્યાપાર એજન્ડાને મોટો ફટકો પડ્યો છે. આ આર્થિક નિર્ણયનું મહત્ત્વ એટલા માટે પણ વધારે છે કારણ કે, અર્થશાસ્ત્રીઓના મતે આ ચુકાદાને કારણે અમેરિકાને ૧૭૫ અબજ ડૉલરથી વધુની ટૅરિફ આવક ગુમાવવી પડી શકે છે અથવા તેને રિફંડ કરવી પડી શકે છે. ગેરકાનૂની જાહેર કરાયેલા આ ટૅરિફથી અમેરિકાને દરરોજ અંદાજે ૫૦૦ મિલિયન ડૉલરની કમાણી થતી હતી.સુપ્રીમ કોર્ટના આંચકા બાદ તુરંત જ ડોનાલ્ડ ટ્રમ્પે કલમ ૧૨૨નો ઉપયોગ કરીને એક નવો દાવ રમ્યો છે. તેમણે તમામ દેશોમાંથી આવતા સામાન પર ૧૦% ગ્લોબલ ટૅરિફ લગાવી દીધો છે, જેને બાદમાં વધારીને ૧૫% કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે કલમ ૧૨૨ હેઠળ મહત્તમ ૧૫% ટૅરિફ માત્ર ૧૫૦ દિવસ માટે જ લાગુ કરી શકાય છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી મહત્ત્વાકાંક્ષી 'રેસિપ્રોકલ ટૅરિફ' પ્લાનને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ગેરકાનૂની જાહેર કરતાં વૈશ્વિક વ્યાપાર જગતમાં મોટી હલચલ મચી ગઈ છે. અદાલતના આ ચુકાદા બાદ અમેરિકા હવે મંગળવારથી વધારાના ટૅરિફની વસૂલાત રોકવા જઈ રહ્યું છે.

## મલાઈકાએ નવા બોયફ્રેન્ડ સાથે ઈટલીમાં વેલેન્ટાઈન વીક મનાવ્યું



। એજન્સી, મુંબઈ, તા.૩ ।

મલાઈકા અરોરાએ વેલેન્ટાઈન વીક ડાયમંડ મર્ચન્ટ હર્ષ મહેતા સાથે ઈટલિમાં વિતાવ્યું હોવાનું તેની નવી તસવીરો પરથી સ્પષ્ટ થયું છે. મલાઈકા અને હર્ષ રિલેશનશિપમાં હોવાની અટકળો ફરી શરુ થઈ છે. અગાઉ મલાઈકા અને હર્ષ મુંબઈમાં એક કોન્સર્ટમાં સાથે દેખાયાં તે પછી બંનેની રિલેશનશિપની અટકળો શરુ થઈ હતી. જોકે, તે પછી એક વાતચીતમમાં મલાઈકાએ હર્ષ સાથે રિલેશનશિપનો ઈન્કાર કર્યો હતો. તેણે કહ્યું હતું કે હું કોઈની પણ સાથે હરુ ફરું તે પરથી લોકો મારી સાથે તેનું નામ જોડી દે છે પરંતુ દર વખતે કોઈ સાથે કોઈ પ્રસંગ માણવાનો મતલબ ગાઢ સંબંધ હોતો નથી. પરંતુ, હવે મલાઈકા અને હર્ષ રોમમાં વેલેન્ટાઈન વીકમાં જ સાથે દેખાયાં છે અને બંનેની બેહદ રોમાન્ટિક પોઝ સાથેની તસવીરો પણ વાયરલ થઈ ગઈ છે. હર્ષ મલાઈકા કરતાં ૧૯ વર્ષ નાનો હોવાનું કહેવાય છે. અગાઉ પણ મલાઈકા તેના કરતાં વયમાં બહુ નાના અર્જુન કપૂર સાથે વર્ષો સુધી રિલેશનશિપમાં રહી હતી. જોકે, મેરેજ બાબતે કોઈ કમીટમેન્ટ ન થતાં છેવટે તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું. મલાઈકા અરોરાએ વેલેન્ટાઈન વીક ડાયમંડ મર્ચન્ટ હર્ષ મહેતા સાથે ઈટલિમાં વિતાવ્યું હોવાનું તેની નવી તસવીરો પરથી સ્પષ્ટ થયું છે. મલાઈકા અને હર્ષ રિલેશનશિપમાં હોવાની અટકળો ફરી શરુ થઈ છે. અગાઉ મલાઈકા અને હર્ષ મુંબઈમાં એક કોન્સર્ટમાં સાથે દેખાયાં તે પછી બંનેની રિલેશનશિપની અટકળો શરુ થઈ હતી.

## પહેલા પોલીસમાં નોકરી, પછી બન્યો દુનિયાનો સૌથી ક્રૂર ડ્રગ લોર્ડ!

। એજન્સી, મેક્ષિકો, ૩ ।

દુનિયાના સૌથી વોન્ટેડ ડ્રગ તસ્કર અને 'જાલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ'ના પ્રમુખ નેમેસિયો રૂબેન ઓસેગેરા સર્વાંતેસ ઉર્ફે 'અલ મેન્ચો'ને મેક્સિકન સુરક્ષા દળોએ એક ભીષણ ઓપરેશનમાં ઠેર કર્યો છે. તેની મોત બાદ મેક્સિકોના અનેક રાજ્યોમાં હિંસા ફાટી નીકળી છે. રસપ્રદ વાત એ છે કે, ડ્રગ લોર્ડ બનતા પહેલા અલ મેન્ચો પોલીસમાં નોકરી કરતો હતો, પરંતુ બાદમાં તેણે ગુનાખોરીનો રસ્તો પકડ્યો અને દુનિયાનું સૌથી શક્તિશાળી ગુનાહિત સંગઠન ઊભું કરી દીધું. તેની ક્રૂરતા અને નશીલા પદાર્થોના કાળા કારોબારને કારણે અમેરિકાએ તેના પર ૧૫ મિલિયન ડોલર(અંદાજે ૧૨૫ કરોડ રૂપિયાથી વધુ)નું ઈનામ જાહેર કર્યુ હતું.અલ મેન્ચોનો જન્મ ૧૯૬૬માં મેક્સિકોના મિચોઆકન વિસ્તારમાં થયો હતો, જ્યાં અફીણની ખેતી સામાન્ય હતી. બાળપણમાં ખેતરોમાં મજૂરી કર્યા બાદ તે અમેરિકા ગયો, જ્યાં હેરોઈનની તસ્કરીના આરોપમાં તેને જેલ થઈ હતી. જેલમાંથી છૂટ્યા બાદ તેને ડિપોર્ટ કરવામાં આવ્યો અને મેક્સિકો પરત ફરીને તે પોલીસમાં ભરતી થયો. જોકે, ટૂંક સમયમાં જ તેણે ફરી ગુનાની દુનિયામાં પગ મૂક્યો. શરૂઆતમાં તેણે સિનાલોઆ કાર્ટેલ સાથે કામ કર્યુ, પણ પછી પોતાનું સામ્રાજ્ય 'સીજેએનજી' સ્થાપીને પોતાના જ જૂના સાથીઓ સામે યુદ્ધ છેડી દીધું.

## મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે પાકિસ્તાન ફફડ્યું! કહ્યું- અમે ભારત સાથે વાતચીત માટે તૈયાર । ત્રણ દિવસનો કરફ્યુ લાદી દેવામાં

। એજન્સી, ઇસ્લાબાદ, તા.૩ ।

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે ભારત વધુ એક યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરતા ઝરદારીએ કહ્યું કે ભારતના નેતાઓ જાહેરમાં યુદ્ધની વાતો કરી રહ્યા છે, પરંતુ પ્રાદેશિક શાંતિ માટે આ રસ્તો યોગ્ય નથી. તેમણે ભારતને યુદ્ધના માહોલમાંથી બહાર આવીને અર્થપૂર્ણ વાતચીત કરવા માટે આહવાન કર્યુ છે. ઝરદારીએ ભારપૂર્વક કહ્યું કે પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા માટે યુદ્ધના બદલે સંવાદ જ એકમાત્ર વિકલ્પ છે, અને પાકિસ્તાન હંમેશા શાંતિનો પક્ષધર રહ્યું છે.

રાષ્ટ્રપતિ ઝરદારીએ અફઘાનિસ્તાન મુદ્દે પણ ગંભીર નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે સરહદ પારથી થતા હુમલાઓ સહન કરવાની પાકિસ્તાનની મર્યાદા હવે પૂરી થઈ ગઈ છે. તેમણે અફઘાન નેતૃત્વ પર દોહા સમજૂતીના ઉલ્લંઘનનો આરોપ લગાવતા કહ્યું કે અફઘાનિસ્તાનની ધરતી પરથી ̆ અને ઞ્છ જેવા આતંકી સંગઠનોને આશ્રય મળી રહ્યો છે. તેમણે ચેતવણી આપી કે કોઈપણ વિદેશી કે સ્થાનિક તાકાતને પાકિસ્તાનની શાંતિ ભંગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.ઝરદારીએ ઈરાન વિરુદ્ધ ચાલી રહેલી સૈન્ય કાર્યવાહીની પણ નિંદા કરી છે. તેમણે ઈરાનની સંપ્રભુતાનું સમર્થન કર્યુ અને આયતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો. બીજી તરફ, આયતુલ્લા અલી ખામેનેઈની હત્યા બાદ ફાટી નીકળેલા હિંસક વિરોધ પ્રદર્શનોને પગલે પાકિસ્તાન હસ્તક ગિલગિટ-બાલ્ટિસ્થાનના સ્કર્દૂમાં સેના તૈનાત કરવામાં આવી છે અને ત્રણ દિવસનો કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

**વિવાદ ફરી વકર્યો** | **ટૂંકમાં, ઈઝરાયલ હવે વધુ આક્રમક રીતે પોતાની સરહદનું રક્ષણ કરવા માટે લેબેનોનની અંદર સૈન્ય કાર્યવાહી કરી રહ્યું છે**

## ઈરાન સાથે યુદ્ધની વચ્ચે ઈઝરાયલની મોટી કાર્યવાહી, મિલિટરી સાથે લેબેનોનમાં ઘૂસ્યું

। એજન્સી, તહેરાન, તા.૩ ।

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેનો વિવાદ ફરી વકર્યો છે. આજે ઈઝરાયલની સેનાએ જાહેર કર્યુ છે કે તેમના સૈનિકો હવે સીધા દક્ષિણ લેબેનોનની અંદર જઈને સૈન્ય કાર્યવાહી કરી રહ્યા છે. આ ઓપરેશન પાછળની મુખ્ય વ્યૂહનીતિ એ છે કે, સરહદ પર સૈનિકોની સંખ્યા વધારીને હિઝબુલ્લાહના હુમલા રોકવા, જેથી ઉત્તર ઈઝરાયલમાં રહેતા સામાન્ય લોકો સુરક્ષિત રહી શકે.ખાસ વાત એ છે કે, વર્ષ ૨૦૨૪માં થયેલા યુદ્ધવિરામ બાદ પણ ઈઝરાયલના સૈનિકો લેબેનોનની સરહદે પાંચ ચોક્કસ જગ્યાએ તો હાજર હતા જ, પરંતુ હવે પરિસ્થિતિ ગંભીર બનતા તેમણે ત્યાં



સુરક્ષાના સાધનો અને હથિયારોમાં મોટો વધારો કર્યો છે. ટૂંકમાં, ઈઝરાયલ હવે વધુ આક્રમક રીતે પોતાની સરહદનું રક્ષણ કરવા માટે લેબેનોનની અંદર સૈન્ય કાર્યવાહી કરી રહ્યું છે.

બીજી તરફ, ઈઝરાયલના હુમલા સામે હવે લેબેનોનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહ સંગઠને પણ વળતો પ્રહાર શરૂ કર્યો છે. લેબેનોનના બેરૂત જેવા શહેરો પર થયેલા બોમ્બમારાના બદલામાં, હિઝબુલ્લાહએ ઉત્તર ઈઝરાયલમાં આવેલા મિલિટરી એર બેઝ પર ડ્રોન વડે હુમલા કર્યા છે. એટલું જ નહીં, તેમણે ગોલાન હાઈટ્સમાં આવેલા ઈઝરાયલી સૈન્ય મથકો પર પણ રોકેટમારો કરીને મોટું નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ઈઝરાયલી કાર્યવાહી સામે હિઝબુલ્લાહ હવે ડ્રોન અને રોકેટના ઉપયોગથી આક્રમક રીતે જવાબ આપી રહ્યું છે.

ઈઝરાયલ સરકાર હાલમાં પીછેહઠ કરવા તૈયાર નથી અને સરહદ પર ભારે તણાવ હોવા છતાં સ્થાનિક લોકોને સ્થળાંતર કરવાની સૂચના આપવામાં આવી નથી. જોકે, સંભવિત હુમલાના જોખમને ધ્યાનમાં રાખીને સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.નેતન્યાહૂ સરકારનું આક્રમક વલણ અને સામે પક્ષે હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવી રહેલા ડ્રોન તથા રોકેટ હુમલાઓને કારણે સ્થિતિ વણસી છે. આ બંને પક્ષો વચ્ચેની ટક્કરને લીધે સમગ્ર મધ્ય-પૂર્વ ફરી એકવાર ભીષણ યુદ્ધના ઉંબરે આવીને ઊભું છે.ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેનો વિવાદ ફરી વકર્યો છે. આજે ઈઝરાયલની સેનાએ જાહેર કર્યુ છે કે તેમના સૈનિકો હવે સીધા દક્ષિણ લેબેનોનની અંદર જઈને સૈન્ય કાર્યવાહી કરી રહ્યા છે. આ ઓપરેશન પાછળની મુખ્ય વ્યૂહનીતિ એ છે કે, સરહદ પર સૈનિકોની સંખ્યા વધારીને હિઝબુલ્લાહના હુમલા રોકવા, જેથી ઉત્તર ઈઝરાયલમાં રહેતા સામાન્ય લોકો સુરક્ષિત રહી શકે.

**ઈરાને વીડિયો રીલિઝ કરીને શસ્ત્રોનો વિશાળ જથ્થો બતાવ્યો**

**અમેરિકાએ પરમાણુ મથકો પર હુમલા કર્યા હોવાનો ઈરાનનો દાવો હિઝબુલ્લાહે ઈરાનના સમર્થનમાં ઈઝરાયલ પર મિસાઈલો છોડી**

## અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ૫૫૦થી વધુનાં મોત : નવ દેશોના ૨૭ મથકો પર ઈરાનના હુમલા

। એજન્સી, નવી દિલ્હી, તા.૩ ।

અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલા શરૂ રાખ્યા હતા. અમેરિકાએ ઈરાનના કોનાર્ક નેવી બેઝ પર હુમલો કર્યો હતો, તેમાં ઈરાનના ત્રણ યુદ્ધજહાજો ડૂબાડી દીધા હતા. ઈરાને દાવો કર્યો હતો કે અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ૫૫૦થી નાગરિકો માર્યા ગયા છે. અનેક ઈમારતોનો નાશ થયો છે. ઈરાને પણ વળતા હુમલા કર્યા હતા. મધ્ય-પૂર્વમાં જેટલા સ્થળોએ અમેરિકાના લશ્કરી મથકો છે તેને ઈરાને નિશાન બનાવ્યા હતા. ઈરાને સૈન્યની શક્તિ પ્રદર્શન કરવાના ઈરાદાથી એક વીડિયો જાહેર કર્યો હતો. એ વીડિયોમાં અસંખ્ય ડ્રોન અને શસ્ત્રો જોવા મળ્યા હતા. ગમે ત્યારે આ ડ્રોન હુમલો કરવા નીકળી પડશે એવો દાવો એમાં થયો હતો.ઈરાનના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ અલી લારીજાનીએ એક નિવેદનમાં કહ્યું હતું કે ટ્રમ્પે તેનો મકસદ પૂરો કરવા માટે આખા વિસ્તારને ખતરામાં નાખ્યો છે. અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ૫૫૦થી વધુ ઈરાની નાગરિકોના મોત થયા છે. અલી લારીજાનીએ કહ્યું કે ઈરાને યુદ્ધની પહેલ કરી નથી. ઈરાન માત્ર વળતા હુમલા કરી રહ્યું છે. ટ્રમ્પે અમેરિકા ફર્સ્ટની પૉલિસીને



ઈઝરાયલ ફર્સ્ટની પૉલિસીમાં બદલી નાખ્યું છે. ઈરાનના સરકારી મીડિયાએ એક વીડિયો જાહેર કરીને શસ્ત્રોનું પ્રદર્શન કર્યુ હતું. હરોળબદ્ધ ડ્રોન્સ યુદ્ધ માટે તૈયાર હોવાનું એમાં કહેવાયું હતું. તે ઉપરાંત મિસાઈલોનો મોટો જથ્થો એમાં દેખાતો હતો. રોકેટ લૉંચર્સ સહિત હથિયારો એમાં દેખાડીને ઈરાન યુદ્ધમાં પાછીપાની નહીં કરે એવું કહેવાયું હતું. ઈરાને દાવો કર્યો હતો કે અમેરિકાએ તેના પરમાણુ મથકો પર પણ હુમલો કર્યો છે અને તેનાથી મોટું જોખમ સર્જ્યું છે.એક તરફ અમેરિકા-ઈઝરાયલે ઈરાનના ૩૧ પ્રાંતમાંથી ૨૪માં હુમલા કર્યા હતા. તો બીજી તરફ ઈરાને ઈઝરાયલ ઉપરાંત અમેરિકા મધ્યપૂર્વમાં જે સ્થળે સૈન્ય મથકો ધરાવે છે ત્યાં હુમલા કર્યા હતા. મધ્ય-પૂર્વમાં અમેરિકા ૧૯ સ્થળોએ કાયમી લશ્કરી મથકો ધરાવે છે અને અમુક કામચલાઉ મથકો પણ એક્ટિવ છે. એમાંથી ઈરાને આઠ દેશોમાં આવેલા મથકોને નિશાન બનાવ્યા હતા. ઈરાક, જોર્ડન, ઓમાન, કતર, સાઉદી, યુએઈ, ઈજિપ્ત, કુવૈતમાં હુમલા કર્યા હતા. આ દેશોમાં અમેરિકાના ૫૦ હજાર સૈનિકો તૈનાત છે. અમેરિકાના ત્રણ સૈનિકો માર્યા ગયા છે અને ડઝન ઘાયલ થયા છે. ઈરાનના દાવા પ્રમાણે એફ-૧૫ વિમાન તોડી પાડયું છે. કુલ ૨૭ સ્થળોએ ઈરાને હુમલા કર્યા હતા. ઈઝરાયલમાં ઈરાને બેલાસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હતો. એમાં આઠનાં મોત થયા હતા અને ૨૦થી વધુને ઈજા પહોંચી હતી.

## માનસી સર્કલ અને એસ જી હાઇવે પર રસ્તો ક્રોસ કરતા સમયે બે ના મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

શહેરના માનસી સર્કલ અને એસ જી હાઈવે ગોતા પાસે ઓવરસ્પીડમાં જતા વાહનચાલકોએ રસ્તો ક્રોસ કરેલી રહેલા વ્યક્તિઓને ટક્કર મારી હતી. જેમાં બંને ઈજાગ્રસ્તોના સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા. આ અંગે એ ડીવીઝન અને એસ જી હાઈવે ૧ ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.વસ્ત્રાપુર તક્ષશિલા ટાવરમાં રહેતા ૮૪ વર્ષીય મહેશભાઈ રાંદેર ગત ૨૫મી ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે માનસી સર્કલથી સુદર્શન સર્કલથી રસ્તો ક્રોસ કરીને ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે કારની ટક્કર લાગતા નીચે પટકાયા હતા અને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. જો કે કારચાલકે જણાવ્યું હતુ કે કારની ટક્કર તેમને લાગી નહોતી પણ તે ડરી ગયા હતા.ત્યારબાદ આકરી પુછપરછ કરતા તેણે કબુલ્યુ હતુ કે કારની ટક્કર લાગી હતી. જેના આધારે એ ડીવીઝન ટ્રાફિક પોલીસે કારચાલક પુષ્પદાન ગઢવીએ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.

## ભાવનગરની બે સરકારી ઈજનેરી કોલેજો પ્રત્યે સેવાતા દુર્લક્ષ્ય સામે વિદ્યાર્થીમાં રોષ

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૩ ।

એન્જિનીયરીંગ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે અનેકવિધ બ્રાંચો છે પરંતુ ભાવનગરમાં બે સરકારી કોલેજો હોવા છતાં સમાન કોર્ષ વર્ષોથી ચલાવાય છે. નવીનતા જાણે મરી પરવારી છે. કહેવાતા રાજકીય આગેવાનો પણ આ બાબતે જાણે અજાણ છે. આ ઉપરાંત જે કોલેજો છે. તેની સીટો પણ ઘટી રહી છે અને સુવિધામાં પણ ઘટાડો થતો હોય જે બાબતે તાજેતરમાં મળેલ રીસ્ટ્રક્ચરીંગની મીટીગમાં યોગ્ય નિર્ણય લેવાય તેવી આશા જાગી છે. ગુજરાતમાં કુલ ૧૬ સરકારી ઈજનેરી કોલેજો કાર્યરત છે. જેની ફેકલ્ટી પણ તબક્કાવાર બદલાતી રહે છે. વર્ષોથી એક સમાન ચાલતા કોર્ષમાં બદલાવ આવ્યો છે. તેનો લાભ ભાવનગર સ્થિત બન્ને કોલેજોને મળતો નથી. ઉલ્ટા શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજોમાં મિકેનીકલ, સિવિલ, ઈલેક્ટ્રીકલ બ્રાંચની સીટો ફીઝ કરવાની કે બ્રાંચ બંધ કરવા તરફની પ્રક્રિયા થાય છે. શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજોમાં સીવીલ, મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ, આઈટી, હાલ ચાર બ્રાંચ કાર્યરત છે. જ્યારે આઈસી બંધ છે. તો ઘણી સીટો ફીઝ કરી શીપટ કરવાની પ્રવૃત્તી થાય છે.

## બાલાસિનોરથી જંબુસરની એસટી બસ મનઘડત રીતે બંધ કરાતા રોષ

। પ્રતિનિધિ, બાલાસિનોર, તા.૩ ।

બાલાસિનોરથી વાયા સાવલી, વડોદરા થઈને ચાલતી આખા દિવસની એકમાત્ર એસટી બસ પણ લગભગ પાંચેક મહિનાથી મનઘડંત રીતે બંધ કરી દેવાતા વેપારીઓ અને વિદ્યાર્થીઓ સહિતના મુસાફરો હેરાન થઇ ગયા છે. જેથી સત્વરે આ બસ ચાલું કરવાની માગણી ઉઠવા પામી છે.તાલુકા મથક બાલાસિનોરનો ઘણો વેપાર-ધંધો વડોદરા સાથે જોડાયેલો છે. આ ઉપરાંત સામાજિક પ્રસંગો માટે પણ મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહેતી હોય છે. તેવી સ્થિતિ વચ્ચે બાલાસિનોરથી બપોરે પોણા બાર વાગ્યે ઉપડતી એસટીની જંબુસરની બસ પાંચ મહિનાથી અધિકારીઓએ મનસ્વી રીતે બંધ કરી દીધી છે. આશ્ચર્યજનક રીતે આ બસમાં પૂરતો ટ્રાફિક મળતો હોવાછતાં અચાનક બસ બંધ કરી દેવાઇ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રાઈવર-કંડક્ટરની ઘટ અને અન્ય ભલામણવાળા રૂટ પર બસ ચલાવવા માટે આ રૂટ બંધ કરી દેવાયો છે. હવે કોઈને વડોદરા તરફ જવું હોય તો વાયા આણંદનો ધક્કો ખાવાની ફરજ પડે છે.

### અમદાવાદના નિકોલ વિધાનસભા વિસ્તારમાં ૫ માર્ચે

# ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને નિકોલના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માના હસ્તે અંદાજીત રૂ.૯૭.૩૬ કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

### નિકોલ વિધાનસભા વિસ્તારના રહીશોને કુલ ૩૧ વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોની ભેટ મળશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તારીખ ૫ માર્ચ ૨૦૨૬, ગુરુવારના રોજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને નિકોલના ધારાસભ્ય શ્રી જગદીશ વિશ્વકર્માના વરદહસ્તે પૂર્વ ઝોનના નિકોલ વિધાનસભા વિસ્તારમાં અંદાજિત રૂ.૯૭.૩૬ કરોડના ખર્ચે કુલ ૩૧ વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં રૂ.૧૭.૬૭ કરોડના ૨ કામોના લોકાર્પણ, રૂ.૭૭.૫૬ કરોડના ૮ કામોના ખાતમુહૂર્ત અને રૂ.૨.૧૩ કરોડના ૭૦:૨૦:૧૦ના ૨૧ કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. વિરાટનગર ખાતે આવેલા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું ધારાસભ્ય શ્રી જગદીશ વિશ્વકર્મા જાહેર સભા પણ સંબોધશે. નિકોલ વિધાનસભા વિસ્તારમાં કુલ રૂ.રૂ.૧૭.૬૭ કરોડના ૨ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.નિકોલ વિધાનસભાના વિરાટનગર વોર્ડમાં રૂ.૬.૭૬ કરોડના ખર્ચે બનાવેલી વિરાટનગરની નવી સબ ઝોનલ ઓફિસ અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરને ડિમોલીશ કરી રૂ.૧૦.૯૧ કરોડના ખર્ચે બનાવેલા નવા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવશે.નિકોલ વિધાનસભા વિસ્તારમાં કુલ રૂ.૭૭.૫૬ કરોડના વિવિધ



પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં નિકોલના ઓઢવમાં રૂ.૧.૯૯ કરોડના ખર્ચે તૈયાર કરાયેલો કરશનનગર શાળાથી રાજુ મોબાઈલ શોપ સુધીનો રોડ, રૂ.૪.૫૨ કરોડના ખર્ચે બનાવેલા આપા હોટલથી શ્રીરંગ પે એન્ડ યુઝ સુધીનો રોડ, રૂ.૩.૧૩ કરોડના ખર્ચે તૈયાર કરેલા ઓઢવ દર્શનધાન સોસાયટીથી સ્મશાન ગૃહ સુધીનો રોડ, રૂ.૧૮.૬૮ કરોડના ખર્ચે બનાવેલા ઓઢવ વોર્ડના ફાયર સ્ટેશનથી એસ.પી રીંગ રોડ સુધીના રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.નિકોલના વિરાટનગર વોર્ડમાં રૂ.૧.૨૩ કરોડના ખર્ચે બનાવેલો માધવ બાગ સોસાયટીથી જીવન વાડી રોડ, રૂ.૧.૭૪ કરોડના ખર્ચે તૈયાર કરેલો તેજેન્દ્ર પ્રકાશ સોસાયટીથી ખોડીયાર જ્યોત સુધીનો રોડ, રૂ.૨.૨૫ કરોડના ખર્ચે બનાવેલો રતન પાર્ક, પતંજલી સોસાયટી, સરસ્વતી સ્કૂલથી કોઠીયા હોસ્પિટલ સુધીનો રોડ તેમજ ઓમ સર્કલ પાસે રૂ.૪૪.૦૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી પૂર્વ ઝોનની મેઈન ઝોનલ ઓફિસનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.તેની સાથે વિરાટનગરમાં રૂ.૨.૧૩ કરોડના ૭૦.૨૦.૧૦ના ૨૧ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં વિરાટનગરની રતનપાર્ક સોસાયટી વિભાગ-૨ પશ્ચિમ તરફ પેવર બ્લોક નાંખવાનું કામ, અવધપુરી સોસાયટીમાં ડ્રેનેજ લાઈન, ચંદ્રભાગાનગર સુરજનગરમાં પેવર બ્લોક અને ડ્રેનેજ લાઈન, ચામુંડાનગરમાં પેવર બ્લોક અને ડ્રેનેજ લાઈન, સ્વસ્તિક સરીતાનગરમાં પેવર બ્લોક, શિરોમણી ટેનામેન્ટના કોમન પ્લોટમાં તથા આર.સી.સી. રોડની સાઈડમાં પેવર બ્લોક,સદગુરુ પાર્ક સોસાયટીમાં પેવર બ્લોક, ગોકુલ એપાર્ટમેન્ટમાં પેવર બ્લોક, રાજરત્ન કો.ઓ.હા.સો. પર કોલેટીંગ વેલ બનાવવા, અષ્ટવિનાયક આઈકોન ફ્લેટમાં પેવર બ્લોક, નારાયણ રેસીડેન્સીમાં પેવર બ્લોક, મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ બહાર આર.સી.સી રોડ અને પેવર બ્લોક, સત્તાધાર નગર વિભાગ-૧નો આર.સી.સી રોડ અને પેવર બ્લોક, લક્ષ્મીનગરમાં આર.સી.સી રોડ અને પેવર બ્લોક તેમજ દ્વારકેશ સોસાયટીમાં પેવર બ્લોક નાંખવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

### હાલ દિલ્હી, મુંબઈ, કોલકાતા સહિતના પાંચ શહેરોમાં રશિયન સેન્ટર છે

# ગુજરાત રાજ્યમાં દેશનું પ્રથમ રશિયન સેન્ટર શરૂ થશે જ્યાં ભાષા અને સંસ્કૃતિ શીખાવાડાશે

### ગુજરાત કે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હોમ સ્ટેટ છે અને તે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

રશિયાની એમ્બેસી દ્વારા દેશનું પ્રથમ લન્ગેવજ એન્ડ કલ્ચર સેન્ટર ગુજરાતમાં શરૂ કરવામા આવનાર છે. આ સેન્ટર ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં શરૂ થશે અને જેનું આજે (બીજી માર્ચ) રશિયન ડેલિગેશનની હાજરીમાં ઉદ્ઘાટન કરાશે. હાલ દિલ્હી, મુંબઈ, કોલકાતા સહિતના પાંચ શહેરોમાં રશિયન સેન્ટર છે. જેમાં બે સેન્ટર સાયન્સ એન્ડ કલ્ચર એન્ડ બે સેન્ટર માત્ર કલ્ચર સેન્ટર છે. પરંતુ ગુજરાતમાં શરૂ થનારું આ પ્રથમ લેન્ગેજ એન્ડ કલ્ચર સેન્ટર છે. જેના દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓ રશિયન ભાષા અને સંસ્કૃતિ શીખશે.



ગુજરાતમાં રશિયન સેન્ટર શરૂ કરવા રશિયન પ્રેસિડેન્ટ પુતિનને રજૂઆત કરાઈ હતી. ગુજરાત કે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હોમ સ્ટેટ છે અને તે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી ખાતે રશિયન સેન્ટર શરૂ કરવા માટે રશિયાની એમ્બેસીએ મંજૂરી આપી હતી.જેને પગલે સોમવારે ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવન ખાતે દેશનું પ્રથમ રશિયન લેન્ગેજ એન્ડ કલ્ચર સેન્ટર શરૂ કરવામા આવનાર છે.હાલ ભારતમાં ચેન્નાઈ, દિલ્હીં, મુંબઈ, કોલકાતા અને ત્રિવેન્દ્રમ સહિતના પાંચ શહેરોમાં રશિયન સેન્ટર છે. જેમાં ત્રણ શહેરોમાં સાયન્સ એન્ડ કલ્ચર સેન્ટર છે. જ્યારે બે શહેરોમાં કલ્ચર સેન્ટર છે. મુંબઈ-દિલ્હી સહિતના ત્રણ સેન્ટર સીધા જ રશિયન સરકાર દ્વારા મોનિટરિંગ થાય છે અને બે સેન્ટર એમ્બેસીદ્વારા મોનિટરિંગ કરાય છે. હવે ગુજરાત યુનિવર્સિટી ખાતે શરૂ થનારું આ દેશનું છઠ્ઠુ સેન્ટર હશે. આજે રશિયાના ડેલિગેશનની હાજરીમાં સવારે ૧૧ વાગે આ સેન્ટરનું ગુજરાત યુનિવર્સિટી ખાતે ઉદ્ઘાટન કરાશે.રશિયાના ભારત ખાતેના એમ્બેસેડરડેનિસ અલિપોવ પણ ઉપસ્થિત રહેવાના હતા, પરંતુ ઈઝરાયલ-ઈરાન યુદ્ધની સ્થિતિને પગલે તેઓનું આવવાનું હવે નક્કી નથી.જો કે, રશિયીની એમ્બેસીના કાઉન્સેલર તથા ઈન્ડિયન સેન્ટર હેડ ડૉ.એલીના રેમિઝોવા તેમજ ઈન્ટ. કોઓપરેશન પાવર ઓફ ડેવલપમેન્ટના હેડ એકાટેરિના ઝુહુકોવાકિઆ સહિતના ઉચ્ચ અધિકારી તથા બ્રિક્સ યુથ અલાઈન્સના અધિકારી મધિશ પરિખ તથા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નિરજા ગુપ્તા ઉપસ્થિત રહેશે.

#### ગુજરાતમાં શરૂ થનારું આ પ્રથમ લેન્ગેજ એન્ડ કલ્ચર સેન્ટર છે

ગુજરાતમાં શરૂ થનારું આ પ્રથમ લેન્ગેજ એન્ડ કલ્ચર સેન્ટર છે. જેના દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓ રશિયન ભાષા અને સંસ્કૃતિ શીખશે.ગુજરાતમાં રશિયન સેન્ટર શરૂ કરવા રશિયન પ્રેસિડેન્ટ પુતિનને રજૂઆત કરાઈ હતી. ગુજરાત કે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હોમ સ્ટેટ છે અને તે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી ખાતે રશિયન સેન્ટર શરૂ કરવા માટે રશિયાની એમ્બેસીએ મંજૂરી આપી હતી.જેને પગલે સોમવારે ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવન ખાતે દેશનું પ્રથમ રશિયન લેન્ગેજ એન્ડ કલ્ચર સેન્ટર શરૂ કરવામા આવનાર છે.

### ઈઝરાયલમાં અમદાવાદ, બનાસકાંઠાના પાલનપુર, પોરબંદર સહિતના ગુજરાતીઓ ફસાયા હોવાનું સામે આવ્યું

# ઈરાન અને ઈઝરાયલ યુદ્ધની જ્વાળામાં ફસાયા અનેક ગુજરાતીઓ : પરિવારોએ કેન્દ્ર સરકાર પાસે માંગી મદદ

### યુદ્ધની સ્થિતિ વચ્ચે એરબેઝ બંધ હોવાથી તેઓ વતન પરત ફરી શકતા નથી. જો કે, આ યુવાનો સુરક્ષિત હોવાનું જણાય છે, પરંતુ યુદ્ધના ભણકારાને લઈને પરિવારના જીવ અધ્ધર થઈ ગયા છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે દુબઈ, મક્કા અને ઈઝરાયલમાં અમદાવાદ, બનાસકાંઠાના પાલનપુર, પોરબંદર સહિતના ગુજરાતીઓ ફસાયા હોવાનું સામે આવ્યું છે. યુદ્ધના દરમિયાન પોતાના સ્વજનો વિદેશમાં ફસાતાં ચિંતિત પરિવારોએ કેન્દ્ર સરકાર પાસે મદદની માંગણી કરી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના પડઘા હવે છેક બનાસકાંઠાના પાલનપુર સુધી સંભળાઈ રહ્યા છે. દુબઈમાં રોજગારી અર્થે ગયેલા પાલનપુરના ૨૦ જેટલાં યુવકો હાલ ત્યાં ફસાયા હોવાના સમાચાર સામે આવ્યા છે. યુદ્ધની સ્થિતિ વચ્ચે એરબેઝ બંધ હોવાથી તેઓ વતન પરત ફરી શકતા નથી. જો કે, આ યુવાનો



સુરક્ષિત હોવાનું જણાય છે, પરંતુ યુદ્ધના ભણકારાને લઈને પરિવારના જીવ અધ્ધર થઈ ગયા છે.ફસાયેલા યુવકોના જણાવ્યા મુજબ, દુબઈમાં અત્યારે પરિસ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ આસપાસના વિસ્તારોમાં સંભળાતા હવાઈ હુમલાના અવાજોથી ભયનો માહોલ સર્જાયો છે. આવી સ્થિતિમાં ચિંતિત પરિવારજનો પોતાના સંતાનોને વીડિયો કોલના માધ્યમથી સુરક્ષાની ખાતરી કરી રહ્યા છે. આ મામલે પરિવારોએ કેન્દ્ર સરકાર પાસે મદદની માંગ કરી છે.ફસાયેલા યુવકોના જણાવ્યા મુજબ, દુબઈમાં અત્યારે પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

## વડોદરા નજીક આલમગઢ ગામે પરોઢિયે મકાનમાં ભીષણ આગ, પરિવારનો બચાવ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩ ।

વડોદરા નજીક આવેલા આલમગઢ ગામે એક મકાનમાં પરોઢિયે ભીષણ આગ લાગતા પરિવારજનો બચાવ થયો હતો. કોટંબી ક્રિકેટ સ્ટેડિયમ નજીક આવેલા આલમગઢ ગામે આજે પરોઢિયે આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. આગ લાગતા જ પરિવારજનો જાગી ગયા હતા ને બહાર દોડી ગયા હતા. જેથી તેમનો બચાવ થયો હતો. આગ વધુ પ્રસરે તેમ હોવાથી ગ્રામજનો મદદ માટે દોડી આવ્યા હતા અને વડોદરા ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. ફાયર બ્રિગેડ દ્વારા એક કલાક જેટલી કામગીરી કરવામાં આવી હતી અને આગ કાબુમાં લઈ આસપાસના મકાનો બચાવી લીધા હતા. ઉપરોક્ત બનાવ અંગે પોલીસ દ્વારા પણ પ્રાથમિક વિગતો મેળવવામાં આવી હતી. આમ, ફરી એકવાર વડોદરાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

# ડાકોરના ઠાકોરના દર્શનાર્થે પદયાત્રીઓનું ઘોડાપુર : તમામ માર્ગો રણછોડમય બન્યા

### અમદાવાદના મૂર્તિ કલાકારોનો સંઘ ભવ્ય રથ અને પરંપરાગત વસ્ત્રો સાથે 'જય રણછોડ'ના નાદ સાથે ડાકોર ભણી રવાના

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૩ ।

યાત્રાધામ ડાકોરમાં બિરાજતા રાજા રણછોડરાયના દર્શન કરવા માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હોળી અને ધુળેટીના પર્વ નિમિત્તે વિવિધ સ્થળોએથી પદયાત્રા સંઘો ડાકોર તરફ પ્રયાણ કરી રહ્યાં છે, જેના કારણે ડાકોર તરફ જતા તમામ માર્ગો ભક્તિમય બની ગયા છે. ગાયન અને નૃત્ય સાથે ભક્તો રણછોડરાયની ભક્તિમાં લીન થઈને ડાકોર તરફ આગળ વધી રહ્યા છે. જ્યારે ચંદ્રગ્રહણ હોવાથી આજે ૨ વાગ્યે દર્શન બંધ થયા બાદ બુધવારે સવારે ૬.૪૫ના રોજ દર્શન ખૂલશે. અમદાવાદથી નીકળેલો મૂત કલાકારોનો એક વિશેષ સંઘ હવે ડાકોરની નજીક પહોંચી ગયો છે. આ સંઘ છેલ્લા ૧૩ વર્ષથી સતત ડાકોરની પદયાત્રા કરી રહ્યો છે. આ વર્ષે પણ આ સંઘમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા છે. સંઘની સાથે એક ભવ્ય રથ પણ રાખવામાં આવ્યો છે, જેમાં ભગવાન કૃષ્ણની આકર્ષક પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે. ભક્તો લાલજીની મૂત માથે પધરાવીને શ્રદ્ધાપૂર્વક પદયાત્રા કરી રહ્યા છે.પદયાત્રામાં જોડાયેલી મહિલાઓ અને યુવતીઓમાં કૃષ્ણ ભક્તિનો અનોખો રંગ જોવા મળી રહ્યો છે. સંઘના તમામ સભ્યોએ ખાસ પ્રકારના ગણવેશ ધારણ કર્યા છે.

# નોટબંધીના વર્ષો બાદ અમદાવાદમાં જૂની ચલણી નોટોનો ઢગલો! નરોડા પોલીસે જપ્ત કરી

### ગેલેક્સી ચાર રસ્તા પાસે હાથ ધરવામાં આવેલી એક ગુપ્ત ઓપરેશનમાં પોલીસે ૮૯ લાખની જૂની (રદ થયેલી) ચલણી નોટોનો જથ્થો ઝડપી પાડ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

નરોડામાં રદ થયેલી નોટોનો મોટો જથ્થો ઝડપાયો; પોલીસે કારમાંથી ૮૯ લાખ રૂપિયાની જૂની નોટો જપ્ત કરીઅમદાવાદ, ગુજરાતઅમદાવાદના નરોડા વિસ્તારમાં પોલીસને એક મોટી સફળતા મળી છે. ગેલેક્સી ચાર રસ્તા પાસે હાથ ધરવામાં આવેલી એક ગુપ્ત ઓપરેશનમાં પોલીસે ૮૯ લાખની જૂની ચલણી નોટોનો જથ્થો ઝડપી પાડ્યો છે. ૧૦૦૦ રૂપિયાના દરની કુલ ૪૩૫૦ નોટો જેની કિંમત ૪૩ લાખ ૫૦ હજાર થાય છે. જ્યારે ૫૦૦ ની દરની ૯૧૦૦ નોટો જેની કિંમત ૪૫ લાખ ૫૦ હજાર થાય છે. આ પ્રકારે કુલ ૧૩૪૫૦ નોટો જેની કુલ કિંમત ૮૯ લાખ રૂપિયા થાય છે. વર્ષો પહેલા થયેલી નોટબંધી બાદ પણ આટલી મોટી રકમમાં જૂની નોટો મળી આવતા અનેક સવાલો ઊભા થયા છે.ગુપ્ત બાતમી અને પોલીસની કાર્યવાહી નરોડા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે એક શંકાસ્પદ કારમાં પ્રતિબંધિત ચલણી નોટોની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસે ગેલેક્સી ચાર રસ્તા પાસે વૉચ ગોઠવી હતી. બાતમી મુજબની કાર ત્યાંથી પસાર થતા જ પોલીસે તેને આંતરી હતી. કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે કારમાં ૫૦૦ રૂપિયા અને ૧૦૦૦ રૂપિયાના દરની જૂની નોટોના બંડલો છુપાવેલા હતા.

CAR WORLD
AUTO GARAGE
Karan Panchal
+91 9427796859
Mahesh Gajnotar
+91 9824699827
Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.

### ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રારંભ:

# અમદાવાદ સહિત અનેક શહેરોનું વધશે તાપમાન, આગાહી

### વધતી ગરમીને ધ્યાનમાં રાખીને તંત્ર અને નિષ્ણાતો દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

શિયાળાની વિદાય બાદ હવે ગુજરાતમાં ઉનાળાએ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં તાપમાનમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે, જેની સીધી અસર જનજીવન પર જોવા મળશે. વધતી ગરમીને ધ્યાનમાં રાખીને તંત્ર અને નિષ્ણાતો દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનમાં સતત વધારો



નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, આગામી અઠવાડિયા દરમિયાન તાપમાન ઊંચા સ્તરે સ્થિર રહેશે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કરફ્યુ જેવી સ્થિતિ જોવા મળી શકે છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેવા શહેરોમાં ગરમીનું પ્રમાણ વધુ અનુભવાશે.હવામાન વિભાગે માર્ચમાં ગરમી વધતાં વરસાદ સારો રહેવાનું અનુમાન વ્યક્ત કર્યુ છે. મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે. માર્ચ મહિનામાં કચ્છ અને દ્વારકામાં ઉકળાટ રહેશે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાશે. આ ઉપરાંત રાજ્યમાં આ વર્ષે ચોમાસું સારું રહેવાની શક્યતા છે. શરીરમાં પાણીનું પ્રમાણ જાળવી રાખવા પુષ્કળ પાણી, છાશ, લીંબુ શરબત અથવા ઓઆરએસ (ORS) લેતાં રહેવું. હળવા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા જેથી ગરમી સામે રક્ષણ મળે. સવારના ૧૧થી બપોરના ૪ વાગ્યા સુધીના તીવ્ર તાપમાનમાંબિનજરૂરીબહારજવાનું ટાળવું. જો બહાર જવું અનિવાર્ય હોય, તો માથું ઢાંકીને રાખવું. વૃદ્ધો અને બાળકોમાં ડિહાઇડ્રેશનની સમસ્યા ઝડપથી થઈ શકે છે, તેથી તેમની ખાસ સંભાળ રાખવી. શિયાળાની વિદાય બાદ હવે ગુજરાતમાં ઉનાળાએ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યુ છે.

લોક પત્રિકા હવે અહીં પણ
ભારતની નં.૧ ન્યૂઝ એપ
dailyhunt


પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya